
R.N.I. No. MAHBIL/2020/79181

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

# CDO PRAKASH SAMIKSHA

Since 1925...
(Gujarati & English Bilingual) FORTNIGHTLY
સળંગ વર્ષ ૧૦૦મું
VOLUME : 04 • ISSUE : 09 • PAGES : 28 • MUMBAI • DATE : 5TH MARCH 2024
BIL EDITION • YEARLY SUBSCRIPTION RS. 250/-



With Best Compliments from:

MICROFINISH

Pumps • Valves • Automation




MICROFINISH VALVES PVT. LTD.

**REGISTERED OFFICE:**
B-161/162, Industrial Estate,
Gokul Road, Hubballi - 580030,
Karnataka, India.
Tel: +91-836-2212404 / 2210611
Email - sales@microfinishgroup.com
Website - www.microfinishgroup.com

**WORKS:** Block no.23B, Plot no.1 to 6,
Hubballi - Dharwad Bypass Road,
Itigatti Village, Dharwad - 580114,
Karnataka, India.

Tel: +91-836-2310015/16/19/25

**BRANCH OFFICES:**
Ahmedabad, Baroda,
Bengaluru, Chennai,
Delhi, Hyderabad, Indore,
Kanpur, Kolkata, Mumbai,
Pune.

**તંત્રી સ્થાનેથી**

વિશ્વ મહિલા દિવસ તા. ૮મી માર્ચના ઉજવાશે એ ઉપલક્ષ્યમાં પ્ર.સ.ના તા. ૫.૩.૨૦૨૪ના અંકમાં અતિથી સંપાદિકા તરીકે અમારૂં નિમંત્રણ સ્વીકારી શિલ્પાબેન અજાણીએ લખેલ તંત્રી લેખ. **– હીરાચંદ દંડ, Mob.: 77385 08150**



# ઉજવણું સ્ત્રીત્વનું

*પ્રકાશ સમીક્ષાના પ્રકાશનનું શતાબ્દી વર્ષ! અને આ પળ તો બહુમૂલ્ય છે, કારણ કે આ પળ છે તેના અતિથિ સંપાદનના વિચારને અક્ષરદેહ આપવાની! તેમાંય વળી, આંતરરાષ્ટ્રીય મહિલા દિવસને ટાંકણે, અતિથિ સંપાદક તરીકે એક મહિલાને નીમીને આ પળના પ્રાંગણમાં પ્રકાશ સમીક્ષાએ માંડ્યું છે સ્ત્રીત્વનું ઉજવણું!*

*સર્વ પ્રથમ તો સ્ત્રીત્વનું ઉજવણું એટલે તેના શક્તિત્વનું ઉજવણું. મારા દાદા (બાપા) કહેતા કે દરેક સ્ત્રીને 'કલમ, કડછી, બરછી' નું પ્રશિક્ષણ અવશ્ય પ્રાપ્ત થવું જોઈએ કે જેથી તે જીવનના અણધાર્યા કઠીનતમ સંજોગોમાં પણ સફળતાપૂર્વક સંઘર્ષ કરી તેમનો સામનો કરી શકે. તેમનાં કહેવાનો આશય એ હતો કે, જેનામાં શિક્ષણ, સ્વાદશાસ્ત્ર અને સ્વરક્ષા વિદ્યા- એ ત્રણ તાકાતનો ત્રિવેણી સંગમ હોય તે સ્ત્રી કોઇ પણ કપરા કાળમાં સ્વમાનપૂર્વક અણનમ રહી શકે છે.*

*સ્ત્રીત્વનું ઉજવણું એ તેના કર્તૃત્વનું ઉજવણું પણ ખરું. દરેક સ્ત્રી ગજબનું 'મલ્ટીટાસ્કીંગ' કરવામાં સક્ષમ હોય છે. એક સાથે અનેક કાર્યો તે એવી કુનેહ અને કમાલથી સંભાળી લેતી હોય છે કે જાણે કોઈ એક્સપર્ટ બાજીગર આંખના પલકારામાં ડઝન બંધ બાટલીઓ કે બોલ 'જગલ' કરતો ન હોય! અનંત રોલ એક સાથે, એકસરખી ખૂબીથી નિભાવવાની આવડત, એ કુદરતે સ્ત્રીને આપેલી એક આગવી બક્ષીસ છે. તેની આ બક્ષીસને બિરદાવતા* Leslie Melntyre *કહે છે કે,* "Nobody objects to a woman being a good writer or sculptor or geneticist if at the same time she manages to be a good wife, good mother, good looking, good tempered, well groomed and unaggressive."

*ખુશીની વાત એ છે કે આપણી જ્ઞાતિમાં મહિલાઓને હંમેશા સન્માન આપવામાં આવ્યું છે, પછી ભલે તે 'નિંયાણી' હોય કે 'નોં'. આજે જો કોઈ કે.ડી.ઓ. સ્ત્રી પોતાના શોખને એક સફળ આર્થિક પ્રવૃત્તિમાં પરિવર્તિત કરવા માગતી હોય તો તેને માર્ગદર્શન અને મદદ આપવા માટે, તેને મોકળું મેદાન આપવા માટે અનેક સંસ્થાઓ મોજૂદ છે. કદાચ એટલે જ* home enterprise *હોય કે પછી* industry, *સ્ત્રી શક્તિનો પ્રભાવ સર્વત્ર જોવા મળે છે. આજની કેડીઓ મહિલા ઉદ્યોગજકને જરૂર છે ફક્ત થોડા સાહસ અને ઘણા બધા સાતત્યની!*

*એક જમાનામાં વારસામાં મળેલ ભરતકામની હસ્તકલા દ્વારા દરેક આર્થિક સ્તરના ઘર ઘરની, આપણી કે.ડી.ઓ. સ્ત્રીઓ તેમના સપનાઓને વિવિધ સ્વરૂપ આપતી હતી. દોરાનું કામ હોય કે આભલાનું કે પછી કસબ-બટકસબનું, અને આપણી સ્ત્રીઓએ તે દરેક શૈલીમાં મહારત હાંસલ કરી હતી. આ કળા હવે ધીમે-ધીમે લુપ્ત થઈ રહી છે. તેને પુનઃ સંજીવનીથી સીંચવાનું કાર્ય ગંભીર વિચારણા માગી લે છે.*

*વારસાના સંગોપન અને સંવર્ધનની સાથે-સાથે વણખેડાયેલા ક્ષેત્રોનું ખેડાણ કરવું એ પણ આજની જ્ઞાતિમહિલાનું જ ઉત્તરદાયિત્વ છે, ખરું*

## આદ્યતંત્રીઓ

**"પ્રકાશ"**
ડૉ. વેલજી પાર્શ્વીર ગોસર
**"સમીક્ષા"**
સનત્ શાહ અને ગોવિંદજી જીવરાજ લોડાયા
**"પ્રકાશ સમીક્ષા"**
સનત્ શાહ
રાયચંદ રતનશી નાગડા

**: તંત્રી :**
ડૉ. હીરાચંદ દામજી દંડ
**: તંત્રી મંડળ :**
કેશરસિંહ આણંદજી ખોના    ઉદયન લાલજી લોડાયા

**ટ્રસ્ટ રજી. નં : F - 69260**
પ્રમુખ : ડૉ. હીરાચંદ દામજી દંડ
માનદ્‌મંત્રી : તેજસ બંકીમચંદ્ર લાલકા
કોષાધ્યક્ષ : હેમાંગ લાલજી શાહ (લોડાયા)

**અન્ય ટ્રસ્ટીઓ**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
કેશરસિંહ આણંદજી ખોના
પંકજ પ્રતાપ શાહ
તિલકચંદ કુંવરજી લોડાયા
શૈલેશ સનત્ શાહ
ઉદયન લાલજી લોડાયા
કિરીટ ખેતસી શાહ
જયંત વિશનજી છેડા


**કઠોર પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી**


**વૉલ્યુમ : ૦૪, અંક : ૦૯, તા. ૦૫-૦૩-૨૦૨૪**



**: કાર્યાલય :**

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું

**PRAKASH SAMIKSHA**
A/704, Remi Bizcourt, Plot No. 9,
Shah Indl. Estate, Off Veera Desai Road,
Andheri (W), Mumbai-400 053.

**: જાહેરાત સંપર્ક :**
હેમાંગ લાલજી શાહ
મો.: 99206 46846
E-mail : **kdoprakash@gmail.com**


## સરનામામાં ફેરફાર અંગે વિશેષ વિનંતી.

આપના રહેઠાણના સરનામામાં ફેરફાર અંગેની નોંધ હવેથી **kdoaddress@gmail.com** ઉપર મોકલવા.

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
**www.prakashsamiksha.com**

### જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).

જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.

For Cheque Payment
Draw your cheque in the name of **"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.

ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવો જોઈએ.

### પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર ૧ એપ્રિલ ૨૦૧૯ થી

**કલર પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | કલર | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| મુખપૃષ્ઠ | 167 x 190 mm | 11,000/- | 550/- | 11,550/- |
| આખું પાનું | 167 x 233 mm | 10,000/- | 500/- | 10,500/- |
| અડધું પાનું | 167 x 114 mm | 6,000/- | 300/- | 6,300/- |
| પા પાનું | 82 x 114 mm | 4,000/- | 200/- | 4200/- |

**બ્લેક એન્ડ વ્હાઈટ પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | B/W | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 6,000/- | 300/- | 6,300/- |
| અડધું પાનું | 160 x 111 mm | 3,500/- | 175/- | 3,675/- |
| પા પાનું | 77 x 111 mm | 2,000/- | 100/- | 2,100/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | 1100/- | 55/- | 1155/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | 600/- | 30/- | 630/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

### 'પ્રકાશ-સમીક્ષા' પાક્ષિક

દર મહીને ૫ અને ૨૦ તારીખના પ્રગટ થાય છે. લેખો, સમાચારો આગામી કાર્યક્રમો-પ્રવૃત્તિઓની જાહેરાતો ઈત્યાદી અનુક્રમે ૧ અને ૧૫ તારીખ સુધીમાં મોકલાશે તો તે મેટર જે તે અંકોમાં પ્રકાશિત કરવાનું અમને શક્ય બનશે.

ને? સ્પેસ સાયંસ, સિવિલ સર્વિસીસ, પોલિટિક્સ, રિસર્ચ અને એથ્લેટિક્સ જેવી અસામાન્ય ગણાતી કારકિર્દી પસંદ કરીને અણજાણ વાટે; ઊગતી પેઢીની દીકરીઓને ચાલતી જોવી એ ગર્વની વાત હશે. So come on girls!! ચાલો!! એકવાર તમે તમારી ક્ષિતિજો વિસ્તારી લો, વિશ્વ તમારૂં બની જશે તેમાં કોઈ બેમત નથી!

All said and done, સ્ત્રીત્વનું કોઇ પણ ઉજવણું માતૃત્વની ઉજવણી વગર અધુરું છે. અંતે તો કોઈપણ કુટુંબની, કબિલાની, જ્ઞાતિની કે દેશની પ્રગતિ યુવાનો ઉપર નિર્ભર હોય છે. પોતાને મળેલા વારસાને યુવાનો કેવી રીતે આગળ ધપાવશે તેનો આધાર તેમના વ્યક્તિત્વ પર જ હોય ને? તેમનામાં ઉચિત વિચારો, વલણ, યોગ્યતા, સંસ્કારો અને સદ્દગુણોનું રોપણ એ મહિલાઓની, માતાઓની જવાબદારી છે. તેમની કેળવણી અને દોરવણી જ આ યુવાનોને આપણી જ્ઞાતિના યોગ્ય મશાલવાહક બનવા માટે પ્રેરણા અને પોષણ આપી શકે છે પણ આ કસોટી કેટલી કપરી છે તે વિશેનું એક નાનકડું, સ્વરચિત કાવ્ય આપની સાથે share કરી રહી છું.

ખાવાના કંઈ ખેલ નથી,
સ્ત્રી થવું કંઈ સ્હેલ નથી.
દરીયો વાવંટોળોવાળો,
સુખની રેલમછેલ નથી!
ખાવાના કંઈ ખેલ નથી...

પતંગને અંબર અંબાવી
પોતે માંજાની રીલ થવું,
કાદવથી અણલિપ્ત રહીને
સ્વયં સુગંધિત 'શીલ' થવું,
ખાવાના કંઈ ખેલ નથી...

આ અંક અલ્પાબેન ધરમશીનો સ્વાનુભવ, કેડીઓની કથડતી જતી જનસંખ્યાની સમસ્યાનું શ્રી તિલકચંદભાઈ લોડાયાએ કરેલું ગહન વિશ્લેષણ અને Haggling humour વિગેરે લેખોથી વિષય વૈવિધ્યસભર છે. તેથી જ તેને આપની સમક્ષ પ્રસ્તુત કરતા વિશેષ આનંદ થાય છે. આપ સહુની સાથે આ આગવો સંવાદ રચવાની સુંદર તક મને આપવા માટે વર્તમાન સંપાદક ડો. હિરાચંદભાઈ દંડને ખૂબ-ખૂબ ધન્યવાદ. સાથે જ સમસ્ત સંપાદક સમિતિને, આવતા સો વર્ષમાં પ્રકાશ સમીક્ષા પ્રગતિ અને લોકપ્રિયતાના નવા-નવા શિખરો સર કરે તેવી શુભકામનાઓ સાથે આગોતરી વધામણીઓ!

અંતે, આ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ ૨૦૨૪ નિમિત્તે, સર્વ જ્ઞાતિ બહેનોનું શક્તિત્વ, કર્તૃત્વ અને માતૃત્વ રોજ નવા આયામ પામતું રહે તેવી હૃદયપૂર્વકની શુભેચ્છાઓ.



**- અતિથિ સંપાદિકા**
**શિલ્પા અજાણી**

### નિમંત્રણ...

આ મહિનાથી પ્ર.સ.એ એક મોટું પગલું ભર્યું છે. દર મહિને અમે સંપાદકીય ટીમ સિવાય અન્ય કોઈને પ્ર.સ. સંપાદિત કરવા અને તેના/તેમના વિચારો વાચકો સાથે શેર કરવા માટે આમંત્રિત કરીશું. આવી વ્યક્તિને લેખો સંપાદિત કરવા, તંત્રીલેખ લખવા અને અમને જરૂરી ફેરફારો સૂચવવા માટે સંપાદક જેવી સંપૂર્ણ સ્વતંત્રતા હશે. તૈયાર રહો અને ૭૭૩૮૫ ૦૮૧૫૦ નંબર ઉપર સંપાદકને તમારી ઈચ્છા જણાવો.

પ્ર.સ.નો એપ્રિલ મહિનાનો અંક અમારા અતિથિ સંપાદિકા શ્રીમતી અલ્પા ગૌતમ ધરમશી દ્વારા સંપાદિત કરવામાં આવશે.

અમે મહિલા દ્વારા મહિલાઓ માટે નવો વિભાગ શરૂ કરવાનું પણ આયોજન કરી રહ્યા છીએ. તે ગુજરાતી કે અંગ્રેજી અથવા બન્ને ભાષામાં હોઈ શકે છે.

આપ સૌને પ્ર.સ.માં જોડાવા નિમંત્રણ.

- તંત્રી મંડળ


U M KHONA AND COMPANY
CLEARING | FORWARDING | LOGISTICS
AEO
भारतीय सीमा शुल्क
INDIAN CUSTOMS
COMMITMENT
TO EXCELLENCE
OUR PRESENCE AT:
MUMBAI
JNPT
HAZIRA
KOLKATA
HALDIA
CHENNAI
KANDLA
MUNDRA
PIPAVAV
U M KHONA AND COMPANY
1011, Universal Majestic,
Behind RBK International Academy,
Off Ghatkopar – Mankhurd Link Road,
Chembur, Mumbai 400 088.
Email : harsh.lapsia@umkhona.com
Tel : +91 22 6155 9999 / +91 98190 30311
Fax : +91 22 6155 9955
jayant.lapsia@gmail.com
Tel.: 6155 9901
www.umkhona.com
CB: 11/189



# કચ્છ દર્શન





ભાગ : ૧૬

લેખક : સોમ ધરમશીં
મો. : ૯૭૨૬૭ ૭૬૬૨૭

## ગતાંકથી ચાલુ



શ્યામજી કૃષ્ણવર્મા મેમોરીયલ ''ક્રાંતિ તીર્થ''

બસ માંડવીનાં દરિયા કિનારે પહોંચી ત્યાં લગભગ અષ્ટ અશ્વનાં રથ પર આરૂઢી સુર્યદેવ આકાશમાં છવાયેલા સંધ્યાનાં રંગોના સથાવારે અરબી સમૃદ્ધ- માંડવીના અખાતમાં કુદકો લગાડી નિશાદેવીને આમંત્રણ આપવા આતુર બન્યા હતા.

બસ ઊભી રહી અને બાળકોએ કિનારા પર ઉંટવાળાને તથા ચકડોળવાળાને જોઈ ચિચિયારી પાડી ને કુદકા મારી રેતીમાં ઉતરી પડ્યા. સ્વયંસેવકોએ અણ્ણાથઈ કરવા વાળા માટે નાસ્તાના ડબ્બા, પાકા પાણીનો ચંબુ, નાસ્તા માટે પ્લેટો ભેગી કરવામાં વ્યસ્ત થઈ ગયા... શ્રી તિલક મૈશેરી હંમેશની માફક ''ચા'' વાળાને ગોતવા નીકળતા અને હું ડુબતા સુર્યને નિહાળી ચંદ્રોદયને માણતાં ઈ.સ. ૧૯૪૬-૪૭નાં વર્ષોમાં સરી પડ્યો.

તે વર્ષોમાં દર ઉનાળું વેકેશનમાં સિંધિયા સ્ટીમ નેવીગેશનની ''સાબરમતી કે સરસ્વતી'' સ્ટીમર દ્વારા માંડવી બંદરે - ઘડિયાલ ગોદીથી સવાર થઈને આવતો. અમને અમારા દાદા ગાડા પર વેલ-સાફો બાંધી લેવા આવતા ત્યારે પડછંદ કાયા ધરાવતા શ્રી નરશી નાથાની ધર્મશાળાનાં સંચાલક શ્રી ઉમરશી દેવશી મૈશેરી (જખૌ-માંડવી) પણ અમને લેવા આવતા. તેમના ઘરે બાજરજી માની ને અમૃતથી પણ મધુરી છાસનો ઘુંટડો ભરતા. (આ બધી બાબતો પ્ર.સ.નાં પાછલા અંકોમાં ''ઘડિયાલ ગોદીથી માંડવીની સફર''માં અંકીત કરી છે.)

ધીમેથી મારી નજર માંડવીનાં દરિયા કિનારે આવેલી દિવાદાંડી તરફ ગઈ, સાથે સાથે દરિયામાં માછીમારી કરી પાછા ફરી રહેલા નાખવા-માલમ તરફ ગઈ અને માનસપટ ઉપર મહારાષ્ટ્રનું અજરા અમર કોળી ગીત કાનમાં ગુંજવા લાગું,

**''વલવ રે નખવા હો વલવ રે રામા,**
**મીં ડોલકર ડોલકર...**
**ડોલકર દરિયા ચા રાજા,**
**ઘર પાણ્યા મંદી બંદરાલા કરતો યે જા.''**

અતીતનાં વૃંદાવનમાંથી પાછો ફર્યો ત્યારે એ ઈ.સ. ૧૯૪૬-૪૭નું માંડવી શહેર અને હવે છેક શિરવા સુધી અને કોડાયપુલ સુધી વિસ્તરેલ માંડવી નગરપાલિકમાં શ્વસેલું શહેરનાં લાક્ષણિક દશ્યો માનસપટ પર ઉભરી આવ્યા.

માંડવી શહેરની આજુબાજુ ઔદ્યોગીક એકમો વિકસી રહ્યા છે. અહિંયા એલ્યુમીનીયમનો વિશાળ પ્લાન્ટ આવવાનો છે પણ તેનો સખત વિરોધ પર્યાવરણના કારણે કરવામાં આવી રહ્યો છે.

પર્યાવરણ કે પરિવર્તન આ યક્ષ પ્રશ્ન અહીંના લોકોને સતાવી રહ્યા છે, આવા વિકસીત માંડવીની વાત કરવી છે પણ આવતી કાલે જ્યારે ૭૨ જિનાલયથી અબડાસાની પંચતીર્થી તરફ પ્રયાણ કરશું.

સુર્યાસ્ત દર્શન થઈ ગયા હોવાથી શ્રી તિલકભાઈએ લાવેલ અમૃતમયી ચા નો ઘુંટડો ભર્યો અને ''દાબેલી'' ખાઈને દરિયા કિનારા પર કાગળના ડુચા ફેંકેલા એ ભેગા કરી કચરાનાં ડબ્બામાં નાખી બસમાં બેસવાની વિનંતી કરી કારણ કે ૭૨ જિનાલય પર સદાબહાર માંડવીનો ગાયક રફીકભાઈના મંજુલ સ્વરે ગવાતાં સ્તવનો કાનમાં ગુંજવા લાગ્યા...

**''હું છું અનાથ મારો જાલજે રે હાથ...**
**મારો જાલજો રે હાથ...**
**વિનવું છું તને પારસનાથ...''**

**(વધુ આવતાં અંકે...)**

આરોગ્ય પ્રકાશ

# આરોગ્ય માટે ઉપયોગી માહિતી

- ડૉ. વીરચંદ લખમશી નાગડા,
M.B.B.S. (મુંબઈ), **M : 8369077978**



**આહાર અને મનઃસ્થિતિ (Mood-મૂડ) :** ન્યુઝીલેન્ડના ઓટેગો યુનિવર્સિટીના સંશોધકોએ ૨૮૧ યુવાનોને સળંગ ૨૧ દિવસ વિશિષ્ટ ખાવાનું લેવાનું કહ્યું અને તેમનું રોજનું વર્તન તપાસ્યું. સંશોધકોને આહાર અને મૂડ વચ્ચે ઘનિષ્ટ સંબંધ હોવાનું જણાયું. ફળ, શાકભાજી, પાંદડાવાળી ભાજી-શાકાહારનું પ્રમાણ જેટલું વધારે તેટલું વધારે સારો મૂડ, સકારાત્મક વિચાર, શાંત, આનંદી અને ઉર્જાવાન રહી શકે છે તે દેખાઈ આવ્યું. પ્રાચીન ઉપનિષદમાં કહ્યું છે કે 'અન્ન તેવું મન'. આપણો આહાર જેવો હશે તેવી મનની સ્થિતિ હશે, એ જ વાત ન્યુઝીલેન્ડના સંશોધકોએ સિદ્ધ કરી છે. આપણા આ પ્રાચીન વાક્યને યાદ કરી અને આ સંશોધનની વિશિષ્ટતા સમજી જીવનમાં અપનાવીએ.

**પપૈયાના ફાયદા :** પપૈયામાં કેરોટીન નામનું તત્ત્વ હોય છે જેનાથી શરીર દ્વારા તે વિટામીન-એમાં પરિવર્તિત થાય છે જે આંખોને તંદુરસ્ત રાખે છે, રતાંધળાપણ (રાતના ઓછું દેખાવું કે ન દેખાવું), ચામડીની બિમારીમાં ઉપયોગી થાય છે. ત્વચામાં તાજગી લાવે છે. ચહેરા પર પપૈયાનો ટૂકડો ઘસવાથી ખૂબ જ ફાયદો થાય છે. પપૈયામાં રહેલ પેપેન એન્જાઈમને લીધે અને ફાયબરને લીધે પાચન શક્તિ વધે છે. એનિમિયા-અરક્ત, લોહીની ઉણપવાળા દર્દીને પપૈયાના સેવનથી લોહી વધે છે, સ્કર્વિ-વિટામીન-સી ની ઉણપ પણ દૂર થાય છે ઉપરાંત બીજા વિટામીન્સ, મિનરલ્સ, એન્ટીઓક્સિડન્ટસ હોવાથી પપૈયા ખૂબજ ફાયદાકારી છે.

**બ્રિસ્ક વૉક અને અલ્ઝાઈમર (યાદદાસ્ત ઘટવા જેવી બિમારી) :** લંડનના નોયેંગહામ યુનિવર્સિટીના ડૉ. મારી ક્રિસ્ટીન પારડન અને તેમના સાથીઓએ શોધ્યું કે રોજ બ્રિસ્કવૉકિંગ (ઝડપથી ચાલવું) કરવાથી અલ્ઝાઈમર્સ (વધતી ઉંમરે ભૂલી જવાની એક પ્રકારની બિમારી)ને રોકી શકાય છે. બ્રિસ્કવૉક કરવાથી સ્ટ્રેસ હાર્મોન (કાર્ટિકોટ્રોપીન રીલીઝીંગ ફેક્ટર) ઉત્પન્ન થાય છે જે આ બિમારીથી મગજને બચાવે છે. અલ્ઝાઈમર બિમારીમાં આ સ્ટ્રેસ હાર્મોન ઘટી જાય છે તેથી નિયમિત બ્રિસ્કબેક કરી આવા દર્દીએ ફાયદો લેવો. (ખાધા પછી તરત જ બ્રિસ્કવૉક કરવું નહિં).

**ઓછો આહાર અને આઈ ક્યુ લેવલ (બુદ્ધિનો આંક) :** બ્રિટનના ડૉ. હોવાર્ડ ગાર્ડનર અને અમેરિકાની યુનિ. ઓફ ન્યુ મેક્સિકોના ડૉ. વિલિયમ બુક્સ એ જુલાઈ ૧૯૯૯માં જાહેર કર્યું હતું કે તમારા સંતાનોના ખોરાકનું પ્રમાણ અને આહાર વિહારની ટેવોને સીધો બુદ્ધિ આંક સાથે સંબંધ છે જો તેમને સાત્વિક ખોરાક અપાય અને મિત્તાહાર (ઓછો આહાર કરવાની બચપણથી ટેવ પાડીએ તો તેમને બુદ્ધિઆંકમાં ૪૫%નો ફેર પડી જાય છે. અસલી જૈન (ચોવિહાર કરનાર અને ઉણોદરી પાળનાર)ના સંતાનો સારા ડૉક્ટર, ઈન્જીનીયર, વૈજ્ઞાનિક, કોમ્પ્યુટર ઉદ્યોગના સોફ્ટવેર શાખાના નિષ્ણાંતો વધુ છે. તેથી ચોવિહાર કરવું, ઉણોદરી (ઓછું ખાવું) પાળવું. સાંજ પછી દહીં ન ખાવું અને વિરોધ આહાર ન કરવો. ડૉ. ગાર્ડનર કહે છે કે આપણે બધા ખૂબ જ ચરબી, શર્કરા અને કાર્બોહાઈડ્રેટવાળા પદાર્થો ખાઈએ છીએ અને ફળ, શાકભાજી ઓછા ખાઈએ છીએ, બાળકો પાણી ઓછું પીએ છે અને ઘણીવાર તો જમવા સાથે કોલ્ડ્રીંક પીએ છે આ સર્વ નુકસાનકર્તા છે. બાળકોએ વહેલા સૂઈ, વહેલા ઉઠી, ચાલવા-દોડવાનું, વ્યાયામ કરવું જોઈએ. વ્યાયામ અને હલનચલન થાય તો મગજના કોષોને જોઈતા પોષક તત્ત્વો મળે છે, એટલે જ યોગ અને વ્યાયામ પછી બુદ્ધિમાં ચેતના લાગે છે. 'ધ નાઝી વૉર ઑન કેન્સર' નામનું પુસ્તક ૧૯૯૯માં પ્રગટ થયું તેમાં પણ કેન્સર રોગને ધુમ્રપાન ઉપરાંત આહાર સાથે સંબંધ છે એમ જ જણાવે છે. નાઝી હર્બલ મેડીસીનમાં પણ આમળાનું મહત્ત્વ, સાકર અને ચરબીવાળા પદાર્થ ન ખાવાનો ઉલ્લેખ છે. સંશોધનમાં જણાયુ છે કે ઓછું ખાવાથી આયુષ્ય પણ વધે છે.

**પારિવારિક અને સામાજીક સંબંધોનો સ્વાસ્થ્ય સાથે સંબંધ :** ઘણા સમય પહેલા થયેલ સંશોધન પરથી વૈજ્ઞાનિકોએ તારણ કાઢ્યું કે જો આપણા સંબંધ આસપાસના લોકો સાથે મૈત્રીભર્યા, સુમેળભર્યા અને સારા હોય તો આપણું માનસિક અને શારીરિક આરોગ્ય સ્વસ્થ હશે. વૈજ્ઞાનિકો કહે છે કે પરિવારજનો, આપ્તજનો, સગાસંબંધીઓ સાથે સારા સંબંધ ન હોય કે સારા મિત્રો ન હોય તો તે આપણા શરીરને ધુમ્રપાન કે જાડાપણા કરતાં પણ વધુ નુકશાન પહોંચાડે છે. અન્યો સાથેના સારા વ્યવહાર, સંબંધોની અસર મગજમાં આવેલી બહુ જ મહત્ત્વની વેગસ નસ પર થાય છે. આ નસની કાર્યક્ષમતા પર હૃદયની ધડકન, પાચનતંત્ર, ફેફસા જેવી સ્વયં સંચાલિત કાર્યપ્રણાલી પર બહુ મોટો આધાર છે. આમ આપણા સંબંધ જો કુટુંબ સાથે અડોશ-પડોશ સાથે તેમજ મિત્રો સાથે સારા હશે તો આરોગ્ય પણ સારું જ રહેશે.

# મળવા જેવા માણસ...

## શ્રીમતી વિમલાબેન હેમરાજ ગોશર - બાયઠ (ઘાટકોપર)



૮મી માર્ચ ૨૦૨૪ ના રોજ સમગ્ર વિશ્વ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરશે અને આ અવસરને ધ્યાનમાં રાખીને, શ્રીમતી શિલ્પા બેન અજાણીને અતિથિ સંપાદક તરીકે આમંત્રણ આપવામાં આવ્યું છે. તેની સાથે હું શિક્ષણવિદ, સમર્પિત, નિષ્ઠાવાન અને અભ્યાસુ વ્યક્તિત્વ શ્રીમતી વિમલાબેન હેમરાજ ગોશરનો પરિચય કરાવવાની તક લઉં છું.

વિમલાબેનનો જન્મ સોનબાઈ શિવજી તેજપાલ લોડાયા-કોઠારાના ઘરે ચાલીસગાંવમાં થયો હતો. સ્વ. શિવજીભાઈ ચાલીસગાંવના નગર સેવક હતા. વિમલાબેને ચાલીસગાંવની મ્યુનિસિપલ શાળામાં મરાઠી માધ્યમમાં મેટ્રિક સુધીનો અભ્યાસ કર્યો અને પછી તેઓ ઉચ્ચ શિક્ષણ માટે ઈન્દોર ગયા કારણ કે તે દિવસોમાં ચાલીસગાંવમાં કોલેજ શિક્ષણની સુવિધા ન હતી. તેમણે ઈન્દોરની સરકારી કલા અને વાણિજ્ય કોલેજમાં પ્રવેશ મેળવ્યો અને પ્રથમ વર્ગ સાથે અર્થશાસ્ત્રમાં એમ.એ. કર્યું અને મેરિટ લિસ્ટમાં સ્થાન પ્રાપ્ત કર્યું. પોસ્ટ ગ્રેજ્યુએશન પછી તેઓ પી.એન. ગુજરાતી કોલેજમાં જોડાયા, જ્યાં તેમણે બે વર્ષ કામ કર્યું અને બાદમાં સીએ હેમરાજભાઈ મેઘજી ગોશર સાથે લગ્ન કર્યા પછી મુંબઈ આવી ગયા.
ચાલો, વિમલાબેન પાસેથી તેમની જીવન સફર વિશે જાણીએ...

પ્ર.સ.: તમે મુંબઈ આવી ગયા પછીની તમારી સફર વિશે અમને કહો.
વિમલાબેન : ૧૯૬૯માં મુંબઈ આવ્યા પછી ૧૯૭૦માં એક વર્ષ રૂઈયા મહિલા કોલેજમાં લેક્ચરર તરીકે જોડાઈ જ્યાં હું અંડરગ્રેજ્યુએટ અને ગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓને ભણાવતી હતી. શિક્ષણ અને અધ્યાપન પ્રત્યેના મારા પ્રેમ અને જુસ્સાએ મને ૨૦૦૦ સુધી વ્યસ્ત રાખી. વર્ષ ૨૦૦૦ માં રૂઈયા મહિલા કોલેજમાંથી અર્થશાસ્ત્ર વિભાગના વડા તરીકે હું નિવૃત્ત થઈ.
પ્ર.સ.: તમારા શિક્ષણ પ્રાપ્તિના સમયગાળા દરમિયાન ઈન્દોરમાં તમે કેવી રીતે વ્યવસ્થાપન કર્યું? તમને ઉચ્ચ શિક્ષણ માટે અને તે પણ એકલા જવા દેવા માટે તમારા માતા-પિતા હિંમતવાન અને સ્વપ્નદૃષ્ટા હોવા જોઈએ.
વિમલાબેન : મારા માતાપિતા બન્ને સ્વપ્નદૃષ્ટા હતા અને તેઓએ મને ઉચ્ચ શિક્ષણ માટે પ્રોત્સાહિત કરી. તેઓએ મને ઈન્દોર એકલા મોકલવા માટે ક્યારેય આનાકાની કરી ન હતી. હું મારા શિક્ષણ દરમિયાન ઈન્દોરમાં કન્યા છાત્રાલયમાં રહી હતી અને મેં હોસ્ટેલ અને કોલેજની પ્રવૃત્તિઓમાં સેક્રેટરી અથવા મેસ સેક્રેટરી તરીકે સક્રિયપણે ભાગ લીધો હતો અને આ નેતૃત્વ શીખવાની શરૂઆત હતી. હોસ્ટેલમાં મારા રોકાણના અનુભવે મને ઘાટકોપરમાં આપણી જ્ઞાતિના કન્યા છાત્રાલયના સંચાલનમાં ઘણી મદદ કરી.

પ્ર.સ.: તમારી બંને દીકરીઓ ખૂબ જ ઉચ્ચ શિક્ષિત છે. જ્યારે તમે તમારી કારકિર્દીની સંભાળ રાખવામાં વ્યસ્ત હતા ત્યારે તમે તેમના શિક્ષણ અને કારકિર્દીનું સંચાલન કેવી રીતે કર્યું?
વિમલાબેન : મારી મોટી દીકરી સી.એ. સીમા ડૉ. તારક પોલડિયા (ઘાટકોપર-બાયઠ) અને નાની દીકરી સી.એ. સ્વાતિ સમીર મોતા (મસ્જિદ-સુથરી) બન્ને અભ્યાસમાં ખૂબ જ તેજસ્વી હતી. બન્ને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ છે. મારા પતિ સી.એ. હેમરાજ ગોશર અને મારા સાસુ સોનબાઈ મેઘજી ગોશરનો ખૂબ જ સહયોગ હતો અને તેઓએ મારી બંને દીકરીઓના ઉછેરમાં મને ઘણી મદદ કરી.

મારા પરિવારમાં બધા ઉચ્ચ શિક્ષિત છે. મારા જમાઈઓ ડૉ. તારક ગુલાબચંદ પોલડિયા એમ.ડી. અને સી.એ. સમીર હીરાચંદ મોતા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ છે. મહિલાઓ હંમેશા શક્તિશાળી હોય છે પરંતુ તેમને પ્રોત્સાહિત કરવાની જરૂર છે અને તેમને તક આપવી જોઈએ.

**ભગવાનને સભી નારીઓંકો હિરા બનાયા હૈ, મગર ચમકતે વોહી હૈ જીન્હે તરાશા જાત હૈ.**

પ્ર.સ.: તમે ઘણા વર્ષોથી શ્રીમતી લક્ષ્મીબેન વિરજી લધાભાઈ કન્યા છાત્રાલય સાથે જોડાયેલા છો. કૃપા કરીને વાચકો માટે અમુક માહિતી જણાવો.
વિમલાબેન : વર્ષ ૧૯૮૩ માં સ્વર્ગસ્થ શ્રીમતી ભારતીબેન હંસ ખીમજી દ્વારા કન્યા છાત્રાલયની કાર્યકારી સમિતિમાં

મને સામેલ કરવામાં આવી. ત્યારથી હું કન્યા છાત્રાલય સાથે સક્રિયપણે જોડાયેલી છું. અને ૨૦૧૪ થી હું સંસ્થાના પ્રમુખ તરીકે કાર્ય કરી રહી છું. કન્યા છાત્રાલય હાલમાં ઘાટકોપર પૂર્વમાં ગરોડિયા નગરમાં આવેલું છે અને કુલ ૫૬ દિકરીઓને સમાવી શકાય છે. અમે પ્રવેશ માટે કડક દિશાનિર્દેશોનું પાલન કરીએ છીએ અને અમે યુવતીઓની સુરક્ષા અને શિક્ષણ પર વધુ ધ્યાન આપી રહ્યા છીએ. હું બધી દિકરીઓને વ્યક્તિગત રીતે ઓળખું છું અને હું કમિટીના અન્ય હોદ્દેદારો તથા ગૃહમાતાની મદદથી કન્યા છાત્રાલયની કામગીરીનું સંચાલન કરું છું. હું ભૂતકાળની ઘણી વિદ્યાર્થીનીઓ સાથે પણ સંપર્કમાં છું અને જ્યારે પણ હું તેમના ગામો/શહેરોની મુલાકાત લઉં છું ત્યારે હું વિદ્યાર્થિનીઓના ઘરની મુલાકાત લઉં છું તથા તેમની પરિસ્થિતિ સમજવાનો પ્રયત્ન કરું છું. આ મુલાકાતો મને દિકરીઓને સારી રીતે સમજવામાં મદદ કરે છે.

પ્ર.સ.: તમે આપણી જ્ઞાતિમાં ઘણા ક્ષેત્રોમાં ખૂબ સક્રિય છો. કૃપા કરીને તમે જવાબદારી નિભાવેલી વિવિધ પોસ્ટ્સ વિશે થોડીક માહિતી આપો અને તમને મળેલા પુરસ્કારો વિશે પણ જણાવો.

વિમલાબેન : હું વિદ્યાર્થી સંઘ, કુંવરબાઈ નરશી નાથા ટ્રસ્ટ તથા મુંબઈ મહાજનની કમિટી મેમ્બર રહી ચુકી છું. અમુક વર્ષો સુધી બાયઠ મહિલા મંચની પ્રમુખ હતી. હું ઘણા વર્ષોથી એસ.પી.એસ. ટ્રસ્ટની સલાહકાર સમિતિમાં છું અને ૨૦૧૪ થી કન્યા છાત્રાલયની પ્રમુખ છું. ૨૦૧૦માં આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ પ્રસંગે મને વિદ્યાર્થીસંઘ દ્વારા 'નારી તું નારાયણી' એવોર્ડથી સન્માનિત કરવામાં આવી હતી અને ૨૦૧૧માં મુંબઈ મહાજને સમાજ પ્રત્યેની મારી સેવાઓ બદલ મારું સન્માન કર્યું હતું.

પ્ર.સ.: તમે ખૂબ પરિશ્રમ કર્યો છે અને ઘણાં સન્માન મેળવ્યા છે. તમે આ બધું કેવી રીતે હાંસલ કર્યું છે?

વિમલાબેન : જીવનમાં જે પણ મળ્યું છે તે ઉપરવાળાના આશિર્વાદ છે એમ હું માનુ છું.

ये उसकी कृपा है, मेरी औकात नहिं ।
ये करिश्मा उसका है, मुझमें वो बात नहिं ।।

છાત્રાલય વિશે કહીશ કે...

कुछ लम्हें मैंने भी बिताए है,
ईस छात्रालय के संग ।
लोग उसे वक्त कहते है,
मैं उसे जिन्दगी कहती हुं ।।

પ્ર.સ. : આપે આપેલા સમય બદલ આપનો આભાર. અંતે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ પર કે.ડી.ઓ. મહિલાઓ માટે તમારો સંદેશ શું છે?

વિમલાબેન : મેં પહેલેથી જ કહ્યું છે કે દરેક સ્ત્રી હીરો છે, તમારી અંદર પ્રતિભા શોધો, સખત મહેનત કરો અને ધ્યાન કેન્દ્રિત કરો. મારી તમામ બહેનોને મહિલા દિવસની શુભકામનાઓ.

**– હીરાચંદ દામજી દંડ**


❖ MAHAVIR - MATUNGA ❖ MAHAVIR - MATUNGA ❖ MAHAVIR - MATUNGA ❖ MAHAVIR - MATUNGA ❖

● પારસી ભરત અને બટકસબની સાડીઓ તૈયાર તેમજ ઓર્ડરથી ● સાચી જરીની સાડીઓ બોર્ડર ● જુના સાચા ઘરચોળા ● કસબના ચણીયા-ચોલી બજારથી વધારે ભાવથી વેંચવા મહાવીર-માટુંગા લઈ આવો, તરત જ ફાઈનલ.

**શ્રી મહાવીર એમ્બ્રોયડરી**

રાજ નિકેતન બિલ્ડીંગ HDFC ની બાજુમાં, ફુલ ગલીની સામે,
માટુંગા સે.રે. ૮૬૫૨૨ ૩૯૫૩૭ / ૯૮૩૩૯ ૧૬૫૧૦ સોમવારે બંધ

❖ MAHAVIR - MATUNGA ❖ MAHAVIR - MATUNGA ❖ MAHAVIR - MATUNGA ❖ MAHAVIR - MATUNGA ❖



।। જય જય શ્રી ચામુંડા મા ।।

**કચ્છ કોઠારા સ્થાને નમતા મૈશેરી પરિવારની કુળદેવીમા ચામુંડા માતાજીની ૧૪મી પહેડીમાં પધારવા સ્નેહભર્યું**

**આમંત્રણ**

આત્મીય મૈશેરી કુળ પરિવાર સહ નિયાણી બહેનો,
ચામુંડામા ની અસીમ કૃપાથી અમારા પરિવારને **૧૪મી પહેડી** પ્રસાદનો સંપૂર્ણ લાભ મળેલ છે. આ શુભ અવસરે આપ સૌ ભક્તજન પરિવારો તથા નિયાણીબહેનોને સહકુટુંબ પધારી માતાજીની ભક્તિનો તથા સાધર્મિકભક્તિ કરવાનો લાખેણો લાભ અમારા પરિવારને આપવા માટે ભાવભરી વિનંતી.

**પહેડીના સંપૂર્ણ લાભાર્થી પરિવાર**
**માતુશ્રી મંજુલાબેન ઉમરશી મેઘજી - લાલા(અંબરનાથ)**
**હ. અ.સૌ. કાશ્મીરા કુલીન મૈશેરી, અ.સૌ. મીના માણેક મૈશેરી**
**સ્વ. ઈન્દીરાબેન, કુ. કશની, ભુમી, તેજસ્વી સહ પરિવાર**

**શુભદિવસ : રવિવાર તા. ૧૪.૪.૨૦૨૪**
**શુભસમય : સવારના ૯.૦૦ થી ૨.૦૦ ક.**
**શુભસ્થળ : મેવાડ કેસરી ભવન, બીજે માળે, એલ.બી.એસ. રોડ, ભાંડુપ (વે), મુંબઈ-૭૮**
**ભક્તિગીતો : અર્હમ ગ્રુપ, સ્નેહા છેડા બદિયાની અને સાથી કલાકારો**

**લી. માતુશ્રી મંજુલાબેન ઉમરશી મેઘજી મૈશેરી પરિવાર તથા કોઠારા સ્થાને નમતા મૈશેરી કુળ પહેડી કમિટી**

નોંધ : કાળા વસ્ત્રો, ચામડાની કોઈપણ વસ્તુ તથા ઘુઘરી પહેરીને ન આવવાની કાળજી રાખશોજી.
આગામી વર્ષની પહેડીનો લાભ લેવો હોય તે ભાવિકોને પહેડી કમિટીના સભ્યોનો સંપર્ક સાધવા નમ્ર વિનંતી

।। જય માતાજી ।।

# શબ્દ કોયડો

## ધર્મસંદેશ - તા. ૦૫-૦૩-૨૦૨૪

રચયિતા : જયકાંત મોતા - તેરા (ઘાટકોપર)
મો. : ૯૮૧૯૬ ૨૮૩૮૨



| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ■ | ૧ | ■ | ૨ | ૩ | | ■ | ૪ | | | ૫ |
| ૬ | | | ■ | | ■ | ૭ | ■ | ■ | ■ | |
| | ■ | ■ | ૮ | | ■ | | ■ | ૯ | | |
| ૧૦ | | | ■ | ■ | ■ | ૧૦અ | ૧૧ | | ■ | |
| | ■ | ■ | ૧૨ | | | ■ | | ■ | ૧૩ | ■ |
| ■ | ■ | ■ | | ■ | ■ | ૧૪ | ■ | ૧૫ | | ૧૬ |
| ૧૭ | ૧૮ | | | ૧૯ | ■ | ૨૦ | | | ■ | |
| ૨૧ | | ■ | ■ | | ■ | | ■ | ■ | ■ | |
| | ■ | ૨૨ | | | ■ | ૨૩ | | | | ■ |
| | ■ | | ■ | ■ | ૨૪ | | ■ | ■ | ■ | ૨૫ |
| ૨૬ | | | | ■ | ■ | ૨૭ | | | ■ | |

**આડી ચાવીઓ :**

૨) ગૌતમ સ્વામીનો જન્મ થયો હતો તે ગામ (૩)
૪) કુમારપાળ રાજાનું પૂર્વભવનું નામ (૪)
૬) ગુજરાતનું એક તીર્થ જે એક દેવના નામે પ્રચલિત છે (૩)
૮) સમવસરણની રચના ... કરે (૨)
૯) કચ્છના આ તીર્થને તિલક ટુંક પણ કહેવાય (૩)
૧૦) ડભોઈમાં આવેલ પાર્શ્વનાથ (૩)
૧૦અ) ...... પ્યારા, આદીનાથને વંદન અમારા (૩)
૧૨) દર્શનનું એક ઉપકરણ (૩)
૧૫) પૂના પાસે આવેલ એક તીર્થ (૩)
૧૭) એક જાતના દેવ (૫)
૨૦) કચ્છમાં ફક્ત આ ગામમાં જ અષ્ટાપદનું જીનાલય છે. (૩)
૨૧) ૧૦૮ પાર્શ્વનાથમાંના એક (૨)
૨૨) જીનચંદ્રવિજયજીનું સ્થળ (૩)
૨૩) ઘાતકી ખંડ પછી આવતો સમુદ્ર (૪)
૨૪) એક અજવાળિયો પક્ષ (૨)
૨૬) અવસર્પિણી કાળના આ ચોવીસ છે (૪)
૨૭) તિર્થંકરની દિક્ષાની પાલખી (૩)

**ઊભી ચાવીઓ :**

૨) વિસ વિહરમાનમાંના એક (૨)
૩) દર્શનનું એક ઉપકરણ (૩)
૫) દરેક તીર્થંકરના આ પાંચ હોય (૪)
૬) જ્યાં તિર્યંચ અને મનુષ્યો વસે (૪)
૭) મુંબઈમાં પાયધુનીમાં આવેલ આ પાર્શ્વનાથનું જીનાલય (૩)
૯) પર્યુષણમાં અઠ્ઠાઈ કરનારાઓને અપાય (૨)
૧૧) બ્રહ્મચર્યની વાડ કેટલી? (૨)
૧૨) ગુજરાતમાં આવેલ એક તીર્થ (૩)
૧૩) તિર્થંકરના આઠ પ્રાતિહાર્યમાનું એક (૨)
૧૪) પ્રભુના દોઢસો કલ્યાણકોની આરાધના કરવાનું પર્વ (૬)
૧૫) આના બાર દોષ હોય (૨)
૧૬) ઘણે ઠેકાણે આ આકારનું જીનાલય હોય (૩)
૧૭) મહેલમાં રહી સુખ ભોગવવાનું કામ આ દેવોનું હોય (૫)
૧૮) એક પાર્શ્વનાથ (૨)
૧૯) જીનચંદ્રવિજયજીનું સ્થળ (૩)
૨૨) પ્રભુને તેર અંગે .... અપાય (૩)
૨૫) મન, વચન અને કાયાથી આત્માની અકુશલ પ્રવૃત્તિથી રક્ષા કરવી. (૨)

---

**ધર્મસંદેશ - ૨૦.૨.૨૦૨૪ના જવાબો : આડી ચાવીઓ :** (૧) દુંદુભિ (૪) અશોકવૃક્ષ (૭) ધન (૯) મુહપત્તિ (૧૯) કાવી (૧૨) ચામર (૧૩) વસ્ત્ર (૧૫) ફૂલ (૧૬) નિશિહિ (૧૭) કર્મ (૧૮) તપાગચ્છ (૨૧) યક્ષિણિ (૨૩) મધ (૨૪) યક્ષા (૨૫) ધિયા (૨૮) પત્રી (૨૯) લાલા (૩૦) ધુલીયા (૩૧) સંપ્રતિ (૩૨) બે. **ઊભી ચાવીઓ :** (૨) દુધ (૩) ભિનમાલ (૪) અઈમુત્તા (૫) ક્ષય (૬) મહાવીર સ્વામી (૮) જ્ઞાનાવરણીય (૧૦) પક્ષાલ (૧૧) કામ (૧૪) શશી (૧૬) નિપાણી (૧૬અ) હિતશિક્ષા (૧૭) કચ્છ (૧૯) ગચ્છાધિપતિ (૨૦) નામ (૨૨) ક્ષિર (૨૩અ) ધર્મલાભ (૨૪) યક્ષ (૨૬) યાત્રી (૨૭) સાધુ

---

**એ પોઝીટીવ સ્ટોરી**

# માનવતાની મહેંક ફેલાય ત્યારે...

**C.A. કુલીનકાંત ચાંપશી લુઠીયા**– ટ્રસ્ટી, માનવ જ્યોત
મો.નં.– **98200 39469**



માનવ જ્યોતની ૩૦ વર્ષીય સેવાયાત્રામાં ૨૦૦થી વધારે સેવાતીર્થ સમી સમાજ કલ્યાણનું કામ કરતી સંસ્થાઓને રૂા. ૩૦ કરોડ જેટલી માતબર રકમ કેશ એન્ડ કાંઇન્ડમાં ઝીરો કોસ્ટે આર્થિક અનુદાન દ્વારા પહોંચતી કરી, રચનાત્મક સમાજસેવાનો એક આદર્શ ચીલો પુરવાર કર્યો છે. સમાજના વંચિતો તેમ જ મુશ્કેલીમાં મુકાયેલા લોકોની મેડીકલ, સામાજિક અને શૈક્ષણિક ક્ષેત્રે વિકાસાર્થે આર્થિક પીઠબળ જરૂરી બની રહે છે. કરો, કરાવો કે અનુમોધ્યું. સમાજમાં સેવાની સુગંધ જ ફેલાવી માનવતાને મહેંકાવ્યું છે.

એક ઠોસ દૃષ્ટાંતરૂપે સુરેન્દ્રનગર ખાતેની પ્રજ્ઞાચક્ષુ મહિલા સેવાકુંજ અંગેના પુસ્તકમાંઃ 'અંધકારની આરપાર'ના લેખિકા મીનાબેન મહેતાના પ્રકાશિત પુસ્તકમાં પાનું ૩૮ની માહિતી અક્ષરશઃ અહીં છાપી છે :

''અને ૧૯૯૫માં 'પંકજભાઈએ કુલીનકાંતભાઈ લુઠીયાને મુંબઈ ફોન કરી મુશ્કેલી જણાવી કોઈનો આર્થિક સહયોગ મળી રહે તો કામ થઈ શકે, તે જણાવ્યું, અને કુલીનકાંતભાઇએ તુરંત જ કહ્યું તમે મુંબઈ આવી જાવ.'

તેથી પંકજભાઈ અને મુક્તાબેન મુંબઈ ગયા. બધા મુલુંડ કુલીનકાંતભાઈ લુઠીયા સાહેબની 'માનવ જ્યોત' ઑફિસે પહોંચી ગયા. કુલીનભાઇ સહિત સહુ મહાનુભાવની સેવાથી તરબતર સુવાસથી મહેંકતી સંસ્થામાં જ્યારે બધા પહોંચ્યા ત્યારે ખૂબ હાશ અને હળવાશ થઈ. લુઠીયા સાહેબ ખૂબ ખુશ થઈ ગયા. સહુથી પહેલાં નાસ્તો કરાવ્યા પછી શ્રી ચંદ્રકાંતભાઈ આનંદપરાને ફોન કર્યો અને બધી વિગતથી વાત કરી. તેમણે સાંજે ચાર વાગ્યે મળવા આવવાનું કહ્યું, ત્યાર પછી લુઠીયા સાહેબે કે. પી. શાહને ફોન કરી બધી વાત કરી. તેમણે સદ્ભાવ ફાઉન્ડેશનના સંચાલકોને બધી વિગતથી વાત કરી. મહાદેવભાઈ દેસાઈ ગ્રુપે તો તુરત મળવા જણાવ્યું. ત્યાં ગ્રુપના જ સહયોગી મધુકાંતભાઈને મળ્યા.

દિલાવરદાતા શ્રી મધુકાંતભાઇએ રૂપિયા સાઠ હજારનો ચેક લખી આપ્યો. પંકજભાઈ અને મુક્તાબેનની અંધ આંખમાં હર્ષનાં આંસુની ભીનાશનો ઉજાશ આવ્યો, ત્યાર પછી વસંતભાઈ લાપસિયાને મળ્યા. તનમનબેન ગાંધી અને ભાસ્કરભાઈ ઉપાધ્યાયને પણ મળ્યા. સહુએ ખૂબ સરસ આવકાર સાથે નાણાંનો સહયોગ આપ્યો.'

આજે આ અંધ કન્યાઓની સંસ્થા દ્વારા સુરેન્દ્રનગર, ઉમરગાંવ, મોરબી, અમદાવાદ જેવા શહેરોમાં મોટા પાયે અંધબાલિકાઓના પુનર્વસનાર્થે આવાસ યોજના, સમૂહ લગ્ન, બ્યૂટી કોમ્પિટીશન, રસોઇ હરિફાઈ, મહિલા ક્રિકેટ, શૈક્ષણિક તાલીમ વિગેરે જેવા કાર્યક્રમો યોજે છે, તેમાં સમસ્ત ગુજરાતની અંધ મહિલાઓ પણ ભાગ લે છે. તાલીમ લે છે. શિક્ષણ મેળવે છે. આશરે ૧૦૦ કરોડ રૂપિયાના ખર્ચે આવાસના મકાનો, શાળાના મકાનો, સમૂહ લગ્નો વિગેરે દ્વારા સમાજ કલ્યાણ ભવ્યાતિભવ્ય કાર્યક્રમો સાકાર થયા છે. મુખ્ય સૂત્રધાર મુક્તાબહેન ડગલીને પદ્મશ્રીનો એવોર્ડ પણ ઍનાયત થયો છે. પોષણ, શિક્ષણ, સંસ્કાર વિકાસ યાત્રા અવિરત ચાલુ રહે છે. નિઃસ્વાર્થ, નિર્મળ અને રચનાત્મક સમાજસેવાની શુદ્ધ આનંદની ખાણ છે. જનસેવા એ ૠણમુક્તિ છે. આખું જીવન આપણે સમાજ પાસેથી લાભો મેળવતા રહીએ છીએ. એ કરજ ફેડયા સિવાય વિદાય થવાનો આપણને અધિકાર નથી.

**નમ્ર નિવેદન**

જ્ઞાતિજનો, સંસ્થાઓ તથા મહાજનોને નિવેદન છે કે સમાચાર, જાહેરખબર કે અન્ય માહિતી મોકલતી વખતે ઈ–મેલમાં આપનો કોન્ટેક્ટ નંબર લખવો.
**– તંત્રી મંડળ**

**જાહેરાતદારોને નિવેદન**

આપ જ્યારે જાહેરાતની મેટર મોકલાવો ત્યારે તેની સાથે બીલ કોના નામનું જોઇશે તે જણાવશો. સાથે આપનું સરનામું, કોન્ટેન્ટ પર્સનનો મોબાઇલ નંબર અચૂક મોકલવા વિનંતી. પેમેન્ટ મોકલ્યા પછી પેમેન્ટ ટ્રાંજેક્શન સ્લીપ કે પે સ્લીપ સાથે મોબાઇલ નંબર મોકલવા જેથી રકમ આપના ખાતામાં જમા લઇ શકાય.

સંસ્થા સમાચાર · જ્ઞાતિ સમાચાર · વતન સમાચાર

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

## કોઠારા જિનાલયની ૧૬૩મી વર્ષગાંઠ ઉજવાઇ અચાર્યો-શ્રમણ શ્રમણવૃંદની વિશાળ નિશ્રા





અબડાસા તાલુકા મોટી પંચતીર્થીના શ્રી કોઠારા શાંતિનાથપ્રભુજી જિનાલયની ૧૬૩મી વર્ષગાંઠની અચલગચ્છાધિપતિ પરમ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબ, પરમ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી વિજય યોગતિલકસૂરીશ્વરજી મહારાજ સાહેબ, મુનિરાજશ્રી ભાગ્યોદયસાગરજી મહારાજ સાહેબ આદિ શ્રમણ-શ્રમણીવૃંદની શુભપાવન નિશ્રામાં ભવ્યાતિભવ્ય ઉજવણી કરવામાં આવેલ.

બંને આચાર્ય ભગવંતો કોઠારા તીર્થે પધારતા શ્રી કોઠારા



જૈન સંઘ દ્વારા વાજતે-ગાજતે શાનદાર સામૈયું કરવામાં આવેલ. ઢોલ-શરણાઇ, શણગારેલા બેડા, ધ્વજા-પતાકા, સાફાધારી શ્રાવકો, બાંધણીમાં સજજ મહિલાઓ, દુપટાધારી યુવાનો સામૈયાનું મુખ્ય આકર્ષણ બન્યા હતા.

સતરભેદી પૂજા બાદ જિનાલયના ઉંચા શ્વેત શિખરો ઉપર ધ્વજારોહણ કરવામાં આવેલ. મુખ્ય ધ્વજા ચડાવવાનો લાભ માતુશ્રી વિજયાબેન રાયચંદ ભોજરાજ ધરમશીં મસૂરવાલા પરિવારે લીધેલ.

પૂજા અને રાત્રીભાવનામાં સ્તવન,રાસ,ચામરની ભારે રમઝટ જામેલ. સંગીતની રમઝટ કમલેશ ગોસ્વામી એન્ડ પાર્ટીએ જમાવી હતી. બંને આચાર્ય ભગવંતશ્રીઓ તથા મુનિભગવંતશ્રીએ માંગલિક શ્રવણ કરાવતાં કોઠારાનાં ભવ્ય જિનાલયનો ઇતિહાસ, જિનાલય બંધાવનાર શ્રેષ્ઠીવર્યો તથા જૈનધર્મનો અનેરો મહિમા વર્ણતી ધ્વજારોહણનું મહત્વ સમજાવ્યું હતું.

બપોરનું સ્વામિવાત્સલ્ય માતુશ્રી હીરાવંતીબેન ખેતશીં દેવશીં દંડ પરિવાર, સવારની નવકારશી માતુશ્રી કસ્તુરબાઇ હીરાચંદ મુનવર પરિવાર, હસ્તે કર્મ,કનિષ્ક,જીયા,પાર્શ્વ, પર્વ દ્વારા યોજાઇ હતી. જયારે સંઘપૂજન શ્રી કોઠારા જૈન મહાજનશ્રી તથા સંઘમાતા ભારતીબેન ભાગચંદ જૈન (ધરમશી) પરિવાર દ્વારા કરવામાં આવેલ.

આ પ્રસંગે કિર્તીભાઇ ધરમશી, ચેતનભાઇ મોતા, કુમારભાઇ દંડ, ચીમનભાઇ ખોના, લીતેશ ખોના, લીનેશ નાગડા, ચેતન ખોના, મનોજ લોડાયા વગેરે કોઠારા તીર્થે પધાર્યા હતા.

કોઠારા જૈન મહાજન હસ્તકની ત્રણે સંસ્થાઓનાં

### વિગતવાર સમાચાર મોકલવા નિવેદન

જ્ઞાતિ સંસ્થાઓ, મહાજનો, મંડળોની પ્રવૃત્તિઓ અને કાર્યક્રમોના વિગતવાર સમાચારો ફોટોગ્રાફ સાથે સમાચાર વિભાગમાં પ્રકાશિત કરવા મોકલવા નિવેદન. તે ઉપરાંત વિશેષ શૈક્ષણિક, સામાજીક, સાંસ્કૃતિક તથા રમતગમત ક્ષેત્રની સિદ્ધિઓની વિગતો પણ ફોટોગ્રાફ સાથે મોકલવા વિનંતી. આપે મોકલેલા વિગતવાર સમાચારોને યથાયોગ્ય રીતે પ્રકાશિત કરવાનો અમારો પ્રયાસ રહેશે. **- તંત્રી મંડળ**

ટ્રસ્ટીવર્યો નલીનભાઇ અજાણી, હેમંતભાઇ અજાણી, રાયચંદભાઇ લોડાયા, મધુકાન્તભાઇ શાહ, દીનેશભાઇ અજાણી ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

વ્યવસ્થા દીનેશ લોડાયા, હરીશ મુનવર, નિતિનભાઇ ધરમશી, પ્રબોધ મુનવર, ધનપતિ લોડાયા, દીનેશ મોતા, પનુભા ધલ, ગીરીશ મોમાયા, નીલેશ લોડાયા તથા સર્વે કાર્યકર ભાઇ-બહેનોએ સંભાળી હતી.

**અચલગચ્છ માટે દુઃખદ સમાચાર**



અચલગચ્છાધિપતિ પ. પૂ. આ. ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહારાજાના શિષ્યરત્ન પ. પૂ. ગણીવર્ય શ્રી ધર્મપ્રભસાગરજી મ. સા. (ઉ.વ.૭૫) સંયમ જીવનના ૪૫માં વર્ષે સાંગલી મધ્યે નમસ્કાર મહામંત્રનું સ્મરણ કરતાં તા. ૩/૩/૨૪ના કાળધર્મ પામેલ છે.

**સુજાપુર મધ્યે શ્રી ભલારા દાદાનો ચોથો પાટોત્સવ**





પ. પૂ. શ્રી ભલારાદાદાનો ચોથો પાટોત્સવ (વર્ષગાંઠ) ધામધુમ અને હર્ષ ઉલ્લાસ સાથે બહોળી સંખ્યામાં ભાવિકો તથા ભૂવાશ્રી કિશોરભાઈ સાંયાની નિશ્રામાં ઉજવવામાં આવ્યો.

પૂ. દાદાના હોમ હવન વિધીમાં ભાવિકો શ્રી નિર્મલભાઈ સાંયા તથા કમલેશભાઈ સાંયાએ સજોડે બેસી વિધિ પૂર્ણ કરેલ તથા નાળિયેર ભૂવા શ્રી કીશોરભાઈ સાથે સાંયા પરિવારે હોમેલ. પૂ. દાદાને તિલક કરી ફુલહાર પહેરાવવાના તેમજ ધ્વજા ચડાવવાનો લ્હાવો સાંયા પરિવાર વતી જયાબેન હિરાચંદ શાહ, નિર્મલભાઈ સાંયા તથા કમલેશભાઈ સાંયાએ લીધેલ હતો. પેડી/પ્રસાદ તેમજ આરતીનો લાભ સહુ હાજર ભાવિકોએ લીધેલ હતો.

આગલા દિવસે પૂ. દાદાનો સમૂહ પાઠ કરેલ હતો જેના દાતા પરિવાર મલ્યાબેન ઝવેરચંદ છેડા, સુજાપર હાલે. રાયપુરવાલા હ. સતીષભાઈએ લીધેલ હતો. પાઠમાં નલીયાથી પણ ભાવિકો આવી પ્રસાદનો લાભ લઈ જયોતના દર્શન કરેલ. સંપૂર્ણ કાર્યક્રમમાં હંસકુમાર છેડા, પ્રવીણભાઈ છેડા, જયમીન ખોના, માજી સરપંચશ્રી જુવાનસિંહ સોઢાએ હાજરી આપેલ. ધવન સાંયા, વત્સલ સાંયા, વૈભવ સાંયા તેમજ ભોગી ગોર વગેરેએ વ્યવસ્થામાં જહેમત ઉઠાવેલ હતી.

**ગોડિયા પાર્શ્વનાથ જિનેશ્વર પ્રતિષ્ઠા**
**રાપર ગઢવારીમાં અદ્વિતીય મહોત્સવ**

નાની પંચતીર્થીના એક મહત્વના ધામ રાપર ગઢવારી ખાતે ગોડિયાજી પાર્શ્વનાથ જિનેશ્વરના દેરાસરના જિર્ણોદ્ધાર અને પુનઃપ્રતિષ્ઠાના અવસરે મહામહોત્સવનું ભવ્ય આયોજન આજના સમયમાં અદ્વિતીય છે. એવી જ રીતે મહોત્સવના અતિથિઓ માટે કરાયેલા આયોજન કુંભ મેળાની પ્રતિલિપી સમાન કહી શકાય.

આયોજનની વ્યવસ્તા શ્રાવકવર્ય હિતેશભાઈ માણેકજી કેશવજી મોતાની આગેવાની હેઠળ અચલગચ્છાધિપતિ પ. પૂ. આ. ભ. કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા., તપગચ્છાધિપતિ પ. પૂ. વિજયયોગતિલકસૂરીશ્વરજી મ.સા., ફૂલચંદ્ર મ.સા., ભાગ્યોદયસાગરજી મ. સા.ની નિશ્રામાં દેશ વિદેશથી પધારેલા મહેમાનોની સર્વ પ્રકારની વ્યવસ્થા કરવામાં આવી હતી.

વાંકુ - વારાપધર, લાલા, પરજાઉ અને રાપર ગઢના પાંચ તીર્થોની યાત્રા નાની પંચતીર્થ તરીકે જાણીતી છે. આ જિર્ણોદ્ધાર પુનઃપ્રતિષ્ઠાના આયોજનમાં શ્રી પાર્શ્વનાથજી જૈન દેરાસર અને ક.દ.ઓ. જૈન મહાજન ટ્રસ્ટ, રાપર ગઢવારી, નાની સિંધોડી જૈન સંઘ, ગોડિયાજી પાર્શ્વનાથ જિનાલય પ્રતિષ્ઠા મહોત્સવ સમિતિ અને માતુશ્રી તારાબાઈ માણેકજી કેશવજી મોતા પરિવારનો મુખ્ય સહયોગ રહ્યો છે.

જિર્ણોદ્ધાર પુનઃપ્રતિષ્ઠા કાર્યક્રમનો પ્રારંભ કુંભ સ્થાપના સામૈયું, સંધ્યા ભક્તિ, ભવ નિસ્તારક પ્રવચન, મહાજન બહુમાન, અભિષેક, ધ્વજ દંડ કળશ અભિષેક, મહાપૂજા, પ્રભુજીની પ્રતિષ્ઠા, પ્રવચન અષ્ટોતરી શાંતિ સ્નાત્ર, જિનાલય દ્વારોદ્‌ઘાટન, પ્રવચન, કાર્યકર્તા બહુમાન, સત્તરભેદી પૂજા આદિ પાર પાડવામાં આવ્યાં. ધાર્મિક વિધી વિધાન નરેન્દ્રભાઈ નંદુએ કરાવ્યા હતા.

આ મહોત્સવ પ્રસંગે ધારાસભ્ય પ્રદ્યુમનસિંહજી જાડેજા, તાલુકા પંચાયત પ્રમુખ મહાવીરસિંહજી જાડેજા, જિલ્લા પંચાયત સભ્ય પુરુષોત્તમભાઈ મારવાડા, કારોબારી ચેરમેન જયદેવસિંહજી જાડેજા, તાલુકા ભાજપ મહામંત્રી અરવિંદભાઈ શાહ, તાલુકા ભાજપના મુળજીભાઈ ગઢવી, કાનજીભાઈ ગઢવી, વિનયભાઈ રાવળ, સરપંચ

ગોપાલભાઈ ગઢવીનું માતુશ્રી તારાબાઈ માણેકજી મોતા પરિવારના હિતેશભાઈ, કલ્પેશભાઈ, નિલેશભાઈ, નિશાબેન, હિનાબેન, ઉષાબેનની ઉપસ્થિતિમાં બહુમાન કરવામાં આવ્યું હતું.

**અચલગચ્છ વિધિપક્ષ જૈન સંઘની પેઢી હવે એપ્રિલ ૨૪થી માટુંગા સે. રે.માં**

અખિલ ભારત અચલગચ્છવિધિ પક્ષ શ્વેતાંબર જૈન સંઘની પેઢી (ઓફિસ) જે છેલ્લા ૪૫ વર્ષથી ચીંચબંદર ખાતે પ્રવર્તમાન હતી તે હવે માટુંગામાં શેઠ નારાણજી શામજી વાડી પાસે નવા સ્થળે સ્થાપિત થશે.

ગીતા સ્મૃતિ પરિવારના માતુશ્રી હીરાકુંવર નાનજી ચાંપશી શાહ પરિવાર મેરાઉ દ્વારા સંપૂર્ણ અનુદાનથી નવા સ્થળે મહાવદ ૯, મંગળવાર, તા. ૨.૪.૨૦૨૪ના ૨૩મા વર્ષીતપના તપસ્વી સૂરીમંત્ર પંચ સ્થાન સાધક પ. પૂ. આ. ભ. કવીન્દ્ર સાગરસૂરીશ્વરજી મ.સા. આદિ સાધુ સાધ્વી ભગવંતોની નિશ્રામાં ભારતભરના અચલગચ્છીય જૈન સંઘોની ઉપસ્થિતિમાં ઉદઘાટન કરવામાં આવશે.

**ગોધરા જિનાલય ધ્વજારોહણ મહોત્સવ**

કચ્છ ગોધરા ગામે બિરાજમાન કેસરિયાજી આદિનાથ જિનાલયની ૧૨૩મા ધ્વજારોહણ પ્રસંગે પ. પૂ. મુનીશ્રી મલયસાગરજી મ.સા. આદિઠાણા તથા પ. પૂ. સા. શીલગુણાશ્રીજી મ.સા.ની નિશ્રામાં અઢાર અભિષેક, ચક્રેશ્વરીદેવી મહાપૂજન, કુમારપાળ મહારાજની આરતી અને સત્તરભેદી પૂજાનું આયોજન સંપન્ન થયું.

**શ્રી મહાવીર જૈન રત્નાશ્રમ સોનગઢ શતાબ્દી મહોત્સવ**

શ્રી મહાવીર જૈન ચરિત્ર કલ્યાણ રત્નાશ્રમ સોનગઢના શતાબ્દી મહોત્સવ તા. ૨૪.૨.૨૦૨૪ના રોજ સંપન્ન થયો. ઉજવણીમાં બહોળી સંખ્યામાં જન ઉપસ્થિતિ સમક્ષ સંસ્થાના વિદ્યાર્થીએએ નાટક, યોગ, કસરત, મલખંભના દાવ, સંગીત, ગીત, નૃત્ય આદિ રજુ કર્યા હતાં.

સંસ્થાના રત્નસ્તંભ અને સુવર્ણ સ્તંભ દાતામાં ઝવેરબેન શિવજી કુંવરજી વિકમશી-રાણપર (પરેલ), એક વર્ગ ખંડના ફર્નિચર દાતા સૌ. આશાબેન દીપક ગંગાજર ડાઘા, પાર્શ્વ ગૌતમ શાહ-વરાડિયા (મુલુંડ). આ સંસ્થાનું સંચાલન ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ કરે છે જે પૈકી સી.એ. કમલેશભાઈ શિવજી વિકમશી પ્રમુખ અને હિતેશભાઈ હીરાચંદ દંડ સાંધવ (મુલુંડ) કારોબારી સભ્ય છે. સંસ્થામાં હાલ ૫૧૦ વિદ્યાર્થીઓ છે જેમાં ૮૦ કદઓ જૈન છે.

સ્મરણીય છે કે શિવજીભાઈ વિકમશી અને એમના અગ્રજ કરમશીભાઈએ આ સંસ્થામાં રહીને શિક્ષણ મેળવ્યું છે.


Exclusive Embroidery & Upto date Finishing

જ્યોતિ

*Sachi Jari maate real nam*

૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ, માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.

Tel.: 2404 3995 / 83692 52836 Sunday Closed

Originally at Zaveri Bazar since 1976 Follow us on


**શાંતિનાથ જિનાલય કાચી ગુડા ધ્વજારોહણ**





અચલગચ્છ જૈન સંઘ કાચીગુડા સંચાલિત શાંતિનાથ જિનાલયનો ૨૪મો ધ્વજારોહણ મહોત્સવ શુક્રવાર, તા. ૧ માર્ચ ૨૦૨૪ના રોજ ભક્તિભાવે ઉજવાયો.

સંસ્થાના પ્રમુખ પોપટલાલ છેડાએ સંયુક્ત વિજ્ઞપ્તિમાં વધુ માહિતી આપતાં જણાવ્યું છે કે પ. પૂ. વિરાગરત્નવિજય મ.સા. સમુદાયના પ. પૂ. દેવર્શીરત્નવિજય મ.સા., પ. પૂ. ગુરૂવંદનવિજયજી મ.સા.ની નિશ્રામાં ધ્વજારોહણ સંપન્ન થયો. મૂળનાયક શાંતિનાથ દાદાની ધ્વજાના લાભાર્થી શેઠ મણિકાંત મેઘજી મોમાયા પરિવાર, શ્રેયાંસનાથ ભગવાન ધ્વજાના લાભાર્થી શેઠ લીલાધર જીવરાજ નાગડા, નેમીનાથ ભગવાનની ધ્વજાના લાભાર્થી શેઠ લક્ષ્મીચંદ મેઘજી નાગડા પરિવાર, વાસુ પૂજ્ય સ્વામીની ધ્વજાના લાભાર્થી શેઠ દામજી જીવરાજ નાગડા પરિવારે ધ્વજારોહણ કર્યું હતું. એમ અનીશભાઈ છેડાએ જણાવ્યું હતું. હેમાંગભાઈ મોમાયાના જણાવ્યાનુસાર વિવિધ વાર્ષિક

ચડાવામાં વાસક્ષેપ પૂજા: શ્રીમતી હંસાબેન લહેરચંદ લોડાયા અને શ્રીમતી મંજુલાબેન ઉત્તમચંદ મોમાયા, પરિવાર, પક્ષાલપૂજા: શ્રીમતી મનીષાબેન મોહનલાલ ગાલા પરિવાર, અંગલૂછણા: શ્રીમતી નમ્રતાબેન અભયભાઈ શાહ પરિવાર, ચંદનપૂજા: મા. લતાબેન મણિકાંત મોમાયા પરિવાર, પુષ્પપુજા: શ્રીમતી હેમલતાબેન હેમંત પાસડ, હ. રંજનબેન ભવાનજી પાસડ પરિવાર, ધૂપપૂજા : ભીકમચંદ રાજેશ પુરબપોકર્ણા પરિવાર, ધૃત દિપક પૂજા : શ્રીમતી ઉર્મિલાબેન પોપટભાઈ છેડા પરિવાર, અષ્ટપ્રકારી સર્વ સામગ્રી : શ્રીમતી મીનાક્ષી મોનિક ધરમશી પરિવાર. ભૂલચૂક મિચ્છામિદુક્કડમ.

### નલિયા ભલારા દાદા સ્થાનક પ્રતિષ્ઠા

મુલુંડના ગંગાજર પીર પરિવાર દ્વારા નિર્માણ કરાયેલા ૧૨૧ વર્ષ પ્રાચીન મંદિર જર્જરિત થતાં અને દાદાની પ્રતિમા ખંડિત થતા દાદાના આહવાનને અનુસરી જિર્ણોદ્ધાર અને પ્રતિષ્ઠા ભુવા સાંધવના ગોવિંદજી લાલજી પટેલના માર્ગદર્શન હેઠળ ત્રણ પરિવારો દ્વારા સંયુક્ત રીતે જીર્ણોદ્ધાર અને પ્રતિષ્ઠાનું આયોજન કરવામાં આવ્યું હતું.

મૂળજી ગંગાજર ડોસાભાઈ પીર હસ્તે દિનેશભાઈ પીર – બેંગ્લોર, માતુશ્રી કસ્તુરીબાઈ હીરજી કાનજી પીર પરિવાર નલિયા , હસ્તે એમની સર્વ પુત્રીઓ અને મા. લક્ષ્મીબાઈ ભવાનજી જીવરાજ લોડાયા પરિવાર – નલિયા (મુલુંડ) દ્વારા સંયુક્ત રીતે પ્રતિષ્ઠા – જીર્ણોદ્ધાર કરવામાં આવેલ. કાર્યક્રમની વ્યવસ્થા શાંતિજિન જાગૃતિ ગ્રુપ મુલુંડ હસ્તક હતી.

મુંબઈ મહાજનના ઉપ પ્રમુખ કુમારભાઈ દંડ, સેક્રેટરી ચેતન મોતા, ધાર્મિક કન્વીનર મનોજ લોડાયા ઉપરાંત ગોવિંદજીભાઈ પટેલ, શાંતિજિન ગ્રુપ પ્રમુખ, વિપુલભાઈ પટેલ, કિરણ દંડ, પ્રબોધભાઈ મુનવર, પ્રવિણ મોતા, વીરચંદ ખોના, હરિશ શિયાલ, ચેતન પીર, હિતેશ પટેલ, ચીમન ખોના, ભરત લોડાયા, વીરચંદ લોડાયા આદિ મહાનુભાવો ઉપસ્થિતિ રહ્યાં હતાં.

### અંકલેશ્વરમાં ગૌતમ સ્વામીની પ્રતિષ્ઠા

અંકલેશ્વર જિનાલયમાં વિરાજમાન પાર્શ્વનાથ ભગવાનના સાંનિધ્યમાં ૨૩ વર્ષીતપ તપસ્વી રત્ન પ. પૂ. આ. ભ. કવીન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં વિધિકાર કેશવજીભાઈ ગડાના સથવારે ગણધર ગૌતમસ્વામી, પરિકર દેવ દેવી સહ મહાલક્ષ્મી દેવી, સરસ્વતી દેવીની પ્રતિષ્ઠા સંપન્ન થઈ.

### ડોંબીવલી મંડળ આયોજિત માનસ મંદિર શાહપુર તીર્થે છ ગાઉ ભાવ યાત્રા

માતુશ્રી ભમલબેન પદમશી પુંજાભાઈ પીર (લોડાયા) સુથરી પરિવારના સહયોગથી બસ દ્વારા શાહપુર સ્થિત માનસ મંદિર, શત્રુંજય તીર્થ છ ગાઉ ભાવયાત્રા તા. ૨૩.૩.૨૦૨૪, ફાગણ સુદ ૧૦ના યોજાયેલી છે.

ઉલ્લેખનીય છે કે શત્રુંજય તીર્થપર ફાગણ સુદ ૧૦ના દિવસે કૃષ્ણ ભગવાનના પુત્ર સાડી આઠ કોટિ મુનીવૃંદ સાથે અનશન તપ કરી મોક્ષ પામ્યા હતા. આથી એ દિને શત્રુંજય ગિરિરાજની છ ગાઉની યાત્રાનું અપાર મહાતમ્ય છે.

### સુજાપુર નગરે અચલગચ્છાધિપતિ મ. સા.નું આગમન

સુજાપુર નગરે શ્રી અજિતનાથ જૈન દેરાસર ટ્રસ્ટ મધ્યે રાજસ્થાન દીપક, સાહિત્ય દિવાકર, અચલગચ્છાધિપતિ પ.પૂ. આ. ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા. આદિ ઠાણા પધારતા શ્રી સંઘ સહ ગ્રામજનો તથા બહારગામથી શ્રાવકગણ પધાર્યા હતા. અચલગચ્છાધિપતિશ્રીની નિશ્રામાં જિનાલય પરિસરમાં ચક્રેશ્વરી દેવી અને મહાકાલી માતાજીનું પૂજન તથા હવન વિધી કરવામાં આવી.

### વાસુપૂજ્ય જિનાલયનો ૨૭મો ધ્વજારોહણ મહોત્સવ

કચ્છી અચલગચ્છ જૈન સંઘ સંચાલિત વાસુપૂજ્યસ્વામી જિનાલય વડોદરાનો ૨૭મો ધ્વજારોહણ સમારોહ તા. ૧૪.૨.૨૦૨૪ના રોજ ઉજવવામાં આવ્યો હતો. કચ્છી જૈન મહિલા મંડળે સતરભેદી પુજા ભણાવી હતી. આર્યરક્ષિત યુવા મંડળના સ્વયંસેવકો દ્વારા વ્યવસ્થા સંભાળવામાં આવી હતી.

### નિલય અંજારિયા કર્ણાટક હાઈકોર્ટના ચીફ જસ્ટીસ

ગુજરાત હાઈકોર્ટના વરિષ્ઠ ન્યાયમૂર્તિ માનનીય નિલય અંજારિયાની કર્ણાટક હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ નિમાયા છે. મા. અંજારિયા કચ્છમાંથી હાઈકોર્ટના વડા ન્યાયમૂર્તિ તરીકે નીમાયેલા બીજા કચ્છી છે. અગાઉ એમ.સી. છાગલા ૧૯૪૭ થી ૧૯૫૮ના ગાળા માટે મુંબઈ હાઈકોર્ટના ચીફ જસ્ટીસ હતા. આપણી જ્ઞાતિના ઈશ્વરચંદભાઈ શાહ હાઈકોર્ટમાં જસ્ટીસ હતા.

મા. અંજારિયાના દાદા સુબોધ અંજારિયા કચ્છના ચીફ કમિશનરના સલાહકાર હતા. નિલયભાઈના નાના જમિયતરાય વૈદ્ય પણ ચીફ કમિશ્નર સીસ્ટેર હતા. એમના મામા કનુભાઈ વૈદ્ય ગુજરાત હાઈકોર્ટમાં જસ્ટીસ હતા.

## વતનના વર્તમાન
### સંકલન : કેસરસિંહ ખોના

**નલિયા-કોઠારા રેલવે લાઈન**

નલિયા-કોઠારા રેલવે ટ્રેકનું કામ લગભગ પૂરૂં થવામાં છે અને માહિતગારોના મતે આઠેક દિવસમાં ટ્રેકનું કામ પૂરૂં થઈ જશે. ભુજ-દેશલપર-સણોસરા કોઠારા બ્રોડગેજનું કામ પૂરૂં થઈ જતાં હવે કોઠારા-નલિયા ટુકડો બાકી છે જે આઠ દિવસમાં પૂર્ણ થઈ જશે.

**ડૉ. ઉમિયા શંકર અજાણીની વિદાય**

ઉમિયાશંકર અજાણી એટલે કચ્છના એન્સાઈકલોપીડીયા. કચ્છી સાહિત્ય અને કચ્છના ઈતિહાસના અભ્યાસુ ઉમિયાશંકરભાઈની વિદાય ખૂબ વસમી જણાય છે. ઈતિહાસવિદ ઉમિયાશંકર અજાણી ૯૧ વર્ષની ઉંમરે હાલમાં જ અવસાન પામ્યા છે.

કચ્છના ઈતિહાસ, લોકસાહિત્ય અને મૌલિક સાહિત્યકૃતિઓથી સાહિત્ય વર્તુળમાં વિશેષ સ્થાન ધરાવતા હતા. એમની પહેલી નવલકથા 'રખોપુ' હતી તો 'મોનો ખેલાડી' બહુ લોકપ્રિય થઈ હતી. ઉપરાંત અમદાવાદની કચ્છ ડેવલપમેંટ કાઉન્સિલે પ્રસિદ્ધ કરેલા 'કચ્છનો સર્વાંગી ઈતિહાસ' પુસ્તકના પ્રધાન સંપાદક હતા.

**માતંગદેવની જન્મજયંતી**

મહેશ્વરી સમાજના ઈષ્ટદેવ સમસ્ત કચ્છના સંત ધણી માતંગદેવની ૧૨૭૧મી જન્મજયંતિની ધામધુમથી ઉજવણી કરવામાં આવી હતી.

**બેરાજાનું સંજય ચૌહાણ સ્મારક**

વાયુસેનાના ઍર કૉમોડર સંજય ચૌહાણનું બેરાજા, તા. મુંદ્રામાં વિશેષ પ્રેરણાદાયક સ્મારક આવેલું છે.

વર્ષ ૨૦૧૮ના જૂનમાં જેગુઆર ફાઈટર પ્લેન ઉડાવી રહ્યા હતા. જામનગર બેસના આ વિમાનમાં ટેક્નીકલ ખામીના લીધે વિમાન નિયંત્રણમાં અવરોધ સર્જાતા બેરાજા ગામ પર તૂટી પડવાની શક્યતા જોતાં વિમાન પાયલટ સંજય ચૌહાણે બેરાજાને બચાવી શહીદી વહોરી લીધી. આથી બેરાજાના ગામવાસીઓએ શહીદ ઍરકોમોડોર સંજય ચૌહાણની સ્મૃતિમાં સ્મારક બનાવ્યું છે. જેમાં તેમની પ્રતિમા પણ સ્થાપિત કરાઈ છે.

**ભુજ-મુંબઈ ઍર ઈંડિયાની દૈનિક ફ્લાઈટ**

માર્ચના પ્રારંભ સાથે ભુજ-મુંબઈ ઍર ઈંડિયા સર્વિસ દૈનિક શરૂ થઈ છે. આ ફ્લાઈટમાં ૧૨૦ મુસાફરોની ક્ષમતા છે. આ ફ્લાઈટ લંડનની ફ્લાઈટ સાથે કનેક્ટ કરાશે.

**નવી હડપ્પીય વસાહત**

રાપર તાલુકાના લોદ્રાણીથી રણકાંધી તરફ નદીકાંઠે પ્રાચીન વસાહત મળી આવી છે. આ વસાહત સર્વપ્રથમ સર્વે ઓફ ઈંડિયાના મે ૧૮૮૭ના નક્શામાં 'કોટડા' તરીકે ઓળખાવાઈ હતી. ૧૯૬૫-૬૬માં જગપત જોશી, ટીવીજી શાસ્ત્રી, કે. પી. ગુપ્તા વગેરે આર્કિઓલોજીકલ સર્વેના વિજ્ઞાનીઓએ વાગડ વિસ્તારમાં ૨૮ જેટલી નવી સાઈટો શોધી કાઢી હતી. આ ટીમે કરેલા સર્વેના રિપોર્ટમાં કોટડા તરીકે અંકિત સ્થળને મોરૂઓ, સાયાખાનની વાંઢ બતાવવામાં આવ્યું છે. જોકે સ્થાનિક લોકો આ સ્થળને મોરઘ્રો તરીકે ઓળખાવે છે. અહીંથી કેટલીક પુરાતન વસ્તુઓ અને કુઓ પણ મળ્યો છે. કુવાનું પાણી મીઠું છે.

**ધોરડોમાં યોજાઈ ન્યાયાધીશ પરિષદ**

દેશના વડા ન્યાયમૂર્તિ ડી. વાય. ચંદ્રચૂડની અધ્યક્ષતા હેઠળ ધોરડોમાં દેશની સર્વપ્રથમ ન્યાયાધીશ પરિષદ યોજવામાં આવી હતી. પરિષદમાં દેશભરના ૩૦૦ જેટલા ન્યાયાધીશો ઉપસ્થિત થયા હતા.

**કોઠારા વિસ્તારમાં ઘટેલું ચીભડા ઉત્પાદન**

જાણવા મળે છે કે આ વરસે કોઠારા વિસ્તારમાં ચીભડાં/સક્કરટેટીનું ઉત્પાદન ઘટીને ૬૦ ટકા રહેવાની આશંકા છે. સ્મરણીય છે કે કોઠારા, ખીરસરા, ભાચુંડા, પરજાઉ, કનકપુર વગેરે વાડીઓ ધરાવતા ગામોમાં લગભગ ૧૫૦૦ એકર વિસ્તારમાં ચીભડાંનું વાવેતર થયું છે. આ વખતે વાવેતરની સરખામણીએ પાક નથી. અનુમાન છે કે આ વખતે માંડ ૬૦ ટકા પાક ઉતરશે.

**કચ્છના સમુદ્રી મહેમાન**

સિંઘોડી અને પિંગલેશ્વર કાંઠે સમુદ્રી કાચબીઓએ ઈંડા મુક્યા છે. એકવારમાં કાચબી ખાડો કરી ૧૦૦ થી વધુ ઈંડા મુકી એની ઉપર રેતીવાળી દે છે. કાચબી સમુદ્રમાં જતી રહે છે. લગભગ ચાર મહિને ઈંડામાંથી બચ્ચા બાહર નીકળી સીધે દરિયા તરફ દોટ મુકે છે. કારણ કે એમનો શિકાર કરવા આકાશ, જમીન અને દિરયામાં લાગ જોતા હોય છે. પ્રકૃતિ જેટલાને જીવતા રાખે તે બચે. કચ્છના કાંઠે આવેલા કાચબા

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : એક સદ્‌ગૃહસ્થ જ્ઞાતિજન**

લગભગ સાત ફુટ લાંબા અને ૨ ફુટ પહોળા હોય છે. કાચબાની આ ઘણી પ્રજાતિઓ જોખમમાં છે. આથી એમની સલામતી પર ધ્યાન આપવું જરૂરી છે.

પિગલેશ્વર અને સિંધોડીના કાંઠે ઈંડાનો રખેવાળી માટે આજુબાજુ વાળ બનાવી દેવાઈ છે. અને ચોકીદાર પણ રખાયા છે.

કચ્છના વન ખાતાએ દરિયાઈ જીવોના રક્ષણ અર્થે ગામ લોકોને જાગૃત કર્યા છે એના પરિણામે સમુદ્રી જીવોની રક્ષા પ્રત્યે સાવચેત થયા છે. અત્રે ઉલ્લેખનીય છે કે કચ્છના કાંઠે ઘણીવાર ડોલફિન, સમુદ્રી ગાય, વ્હેલ, મોટા કાચબાના વિરાટ મત્સ્યો મૃત અવસ્થામાં તણાઈ આવતા હોય છે.

### તલાટીઓની ભરતી

કચ્છ જિલ્લા પંચાયતમાંથી મળતી માહિતી મુજબ કચ્છ માટે ૫૩૯ તલાટી સહમંત્રીની જગ્યાઓ મંજુર થયેલી છે. તે પૈકી ખાલી પડેલી ૩૯ તલાટી સહમંત્રીની જગ્યાઓ ઉપરાંત ૧૫ કારકુનની જગ્યા પણ ભરવામાં આવશે.

### શેઠ ખીમજી રામદાસ કન્યા છાત્રાલય

માંડવીમાં આવેલા શેઠ ખીમજી રામદાસ કન્યા છાત્રાલયમાં રહેવા ઈચ્છતી બહારગામની દીકરીઓએ માતા-પિતા સાથે રૂબરૂ મળવાનું રહેશે. છેલ્લી તા. ૧૦.૩.૨૪, રવિવારના રોજ ૯ થી ૧૨ વાગ્યા દરમિયાન ફોનઃ ૯૯૧૩૦૭૪૬૩૪.

### રવા-ભાચુંડા અને નલિયા જખૌ માર્ગ

અબડાસા તાલુકાના નલિયા-જખૌ તથા રવા-ભાંચુંડા માર્ગ માટે રૂા. ૨૨૪૨ લાખ મંજૂર કરાયા છે. મળતી માહિતી મુજબ રવા-બીટીયારી-ભાચુંડા રોડના ૧૮ કિ.મી. રીસરફેસિંગ માટે રૂા. ૯૯૨.૨૫ લાખ તેમજ જખૌ-નલિયાના ૮.૪ કિ.મી. માર્ગના રીસરફેસીંગ માટે રૂા. ૧૨૫૦ લાખની મંજૂરી અપાઈ છે.

### નેશનલ લાઈવ સ્ટોક મિશન

સ્મરણીય છે કે વર્ષ ૨૦૨૪ને રાષ્ટ્રસંઘ દ્વારા આંતરરાષ્ટ્રીય ઊંટ વર્ષ જાહેર કરાયો છે. આના સંદર્ભમાં કેન્દ્રીય મંત્રી પુરૂષોત્તમભાઈ રૂપાલાની ઉપસ્થિતિમાં કચ્છ ઊંટ મહોત્સવનું આયોજન થયું હતું.


**શાંતિભાઈ એટલે જ સાડીઓના માસ્ટર માઈન્ડ**

નિષ્ણાંત નજર, સાડી અને વર્કની પરખ, વર્ષોનો અનુભવ એટલે જ સાડી પારસી વર્ક, હોય કે જીક કસબ કે પીટા વર્ક કે બટ કસબ. હાથ વર્ક અને મશીન વર્કની સાડીઓનો રેડી સ્ટોક. વળી ઓર્ડરથી તો બનશે જ અને અલ્ટ્રેશન પણ કરી આપવામાં આવશે. સાચી જરીની સાડીઓ વેચી આપવામાં આવશે. અમારી બીજી કોઈ શાખા નથી

Sonal ART

**સોનલ આર્ટ-(થાણા) Mob.: 99678 41792**

'શિવમ', ડી-૨૦૧/૨૦૨, રઘુનાથ નગર, વાગલે એસ્ટેટ, રોડ નં. ૯, શિવસેના ઓફીસની સામે, થાણા-૪૦૦ ૬૦૪.


નોંધવું રહ્યું કે કચ્છમાં ઊંટ ઉછેર કાર્યક્રમની સફળતા ધ્યાનમાં લઈ નેશનલ લાઈવ સ્ટોક મિશનમાં ઊંટ, ઘોડા અને ગધેડા ઉછેરના વ્યવસાયનો સમાવેશ કરાયો છે. આ માટે વધારાના રૂા. ૧૦ કરોડ ફાળવવામાં આવ્યા છે. જે કોઈ સાહસિક ઊંટ, ઘોટા, ગધેડાનો વ્યવસાય કરવા ઈચ્છતા હોય તો તેમને કુલ રોકાણના ૫૦ ટકા મહત્તમ રૂા. ૫૦ લાખની સબસીડીની ફાળવણી થઈ શકશે. આથી રાજસ્થાન અને ગુજરાતના હજારો પશુપાલકોને લાભ થશે.

### ઑપરેશન વિના હૃદયનું કાણુ બંધ

ભુજની કે.કે. પટેલ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલે હૃદયની સારવારમાં સીમાચિહ્ન અંકિત કરી કચ્છમાં ઉચ્ચ કક્ષાની તબીબી સુવિધા ઉપલબ્ધ હોવાનો પુરાવો આપ્યો છે.

કદાચ કચ્છમાં પહેલીજ વાર નોન-સર્જિકલ સારવાર દ્વારા હૃદયનો છિદ્ર બંધ કરાયો છે. હાલમાં યોજાયેલા હસુભાઈ ભૂડિયા મેગા મેડીકલ કેમ્પમાં નિર્મલા પટેલ નામના ૫૦ વર્ષીય મહિલાના હૃદયમાં કાણું હતું જે પગની નસમાંથી સાધન પસાર કરી પૂરી દેવામાં આવ્યું હતું.

આ કામગીરી ડૉ. મીત ઠક્કર, ડૉ. ગણેશ, ડૉ. જયદત્ત, ડૉ. રૂગ્વેદ ઠક્કર, ડૉ. જેતસ, ડૉ. નિલેશ, ડૉ. નિશીથ, કેથલેબની ટીમે પાર પાડી હતી.

### રૂદ્રમાતા પુલ

ભુજ ખાવડા ધર્મશાળા રોડ પુલનું લોડ ટેસ્ટીંગ પૂરૂં થતા ૬૦ ટન ક્ષમતાના વાહનો પસાર થઈ શકશે એવી જાહેરાત કરવામાં આવી છે. જોકે ઓવરલોડેડ વાહનો પર પ્રતિબંધ ચાલુ રહેશે.

### વાંઢાય સમુહલગ્ન

ઉમિયા માતાજી ઈશ્વરરામજી ટ્રસ્ટ પ્રેરિત દેશલપર વાંઢાય સમુહલગ્ન આયોજન સમિતીના મહામંત્રી રમેશભાઈ પોકારે જણાવ્યું હતું કે અખાત્રીજના દિને સમુહલગ્ન યોજાશે.

સમુહલગ્નમાં ભાગ લેનાર યુગલોને કદીપણ નશો ના કરવાના સોગંધ લેવડાવાશે.


### ચામુંડા દેવીની પ્રતિમા કચ્છ મ્યુઝીયમમાં

બનાસકાંઠાના ચાંગા ગામમાં પાણીની લાઈનના ખોદકામ દરમિયાન ચામુંડા માતા, ભગવાન શિવ આદિની ૯૦૦ વર્ષ જુની પ્રતિમાઓ મળી આવી હતી. આ વિસ્તાર કચ્છના પુરાતત્ત્વ વર્તુળ હેઠળ આવતું હોઈ સદર પ્રતિમાઓ રાજ્યના સૌથી જૂના મ્યુઝિયમ કચ્છ મ્યુઝિયમને ભેટ આપવામાં આવી છે. એમ મ્યુઝિયમ ક્યુરેટર બુલબુલ હિંગરાજિયાએ જણાવ્યું હતું. પ્રતિમાઓ ખંડિત છે.

# જીવન ચક્ર

## જન્મ - સગપણ - લગ્ન - મરણ નોંધ

સંપાદક : **રમેશ પદમશી દંડ (શાહ) – ભરૂડિયા**
મો. : 98197 93610 / E-mail : rpshah41@yahoo.com



### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૮.૦૯.૨૦૨૩ | થાણા | શીવાંશ, કૃષ્ણા કલ્પેશ લોડાયા | મોટી ખાવડી | પુત્ર |
| (જોડીયા) | થાણા | સમાઈરા, કૃષ્ણા કલ્પેશ લોડાયા | મોટી ખાવડી | પુત્રી |
| ૧૭.૧૨.૨૦૨૩ | યુ.એસ.એ. | ઝલક, જાશ્મીન ધનદીપ લોડાયા | કોઠારા | પુત્રી |
| ૧૩.૦૨.૨૦૨૪ | ન્યુજર્શી | દિયાંશ, ઉર્જા વિકાસ મહેન્દ્ર લુઠીયા | નાની ખાવડી | પુત્ર |
| ૨૫.૦૨.૨૦૨૪ | પારોલા/નાંદેડ | મિરલ, સેજલ રાજ પરેશ શિયાલ | જખૌ | પુત્રી |

### જ્ઞાતિ સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૩.૦૨.૨૦૨૪ | વડોદરા | જય ભરત રામજી નાગડા | નલિયા | ૨૫ |
| | અમદાવાદ | કોમલ રાજેશ ગોવિંદજી છેડા | નલિયા | ૨૫ |
| ૧૭.૦૨.૨૦૨૪ | નિઝામાબાદ | મિહિર દિપક ખીમજી લોડાયા | તેરા | ૩૧ |
| | પાનાખેડ | તોરલ સુનીલ લાલજી નાગડા | જખૌ | ૨૫ |
| ૨૫.૦૨.૨૦૨૪ | ઘાટકોપર | જીગર ઉત્તમ ડાયાલાલ માલદે (ડાઘા) | દલતુંગી | ૩૦ |
| | ડોંબીવલી | હેતલ રાજેશ વિનોદકાંત મોતા | સેવક ભરૂડિયા | ૨૬ |
| ૦૩.૦૩.૨૦૨૪ | ઘાટકોપર | વરુણ વિરચંદ કુંવરજી લાલકા | વારાપધર | ૨૭ |
| | મુલુંડ | ક્રીના પંકજ જવેરચંદ ધરમશી | કોઠારા | ૨૫ |

### આંતરજ્ઞાતિ સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૨.૦૧.૨૦૨૪ | કોઈમ્બતૂર | યશ જયેશ હિંમતલાલ લોડાયા | મોટી ખાવડી | ૨૮ |
| | | પલ્લવી મનોજ અગ્રવાલ | – | -- |
| ૧૯.૦૨.૨૦૨૪ | મુલુંડ | પ્રિન્સ કીર્તિ પાસુભાઈ શાહ (લોડાયા) | મોટી ખાવડી | ૨૮ |
| | મુલુંડ | જાહ્નવી હેમંત જેરામભાઈ ઠક્કર | ખેડોઇ | ૨૬ |
| ૨૪.૦૨.૨૦૨૪ | મુલુંડ | યશ જિતેન્દ્ર હિમતલાલ વોરા | જેસર | ૨૬ |
| | મુલુંડ | ક્રિષા હિતેશ વેરશી લોડાયા | દલતુંગી | ૨૬ |
| ૨૪.૦૨.૨૦૨૪ | મુલુંડ | ભાવિન નીલેશ હિમતલાલ શાહ (શેઠ) | જેસર | ૨૬ |
| | મુલુંડ | જીનલ લલિત વિસનજી શાહ (ગોસર) | ગોએરસમા | ૨૪ |
| ૨૭.૦૨.૨૦૨૪ | મુલુંડ | માનવ અજયભાઈ પ્રેમજી ધરોડ | પત્રી | ૨૬ |
| | મુલુંડ | ધૈર્યા રાજેશ લખમશી મોતા | કોઠારા | ૨૬ |

### જ્ઞાતિ લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૨૨.૦૧.૨૦૨૪ | મુલુંડ | નરેન નિર્મલ શીવજી લોડાયા | કોઠારા | ૨૮ |
| | ડોંબીવલી | નિતી ધનેશ નવિનચંદ્ર ધુલા | સેવક ભરુડીયા | ૨૬ |
| ૨૮.૦૧.૨૦૨૪ | વિલેપાર્લે | અજય ઉદય લક્ષ્મીચંદ ખોના | સુથરી | ૩૧ |
| | મુલુંડ | કિંજલ મહેશ ખીમજી લોડાયા | મોટી ખાવડી | ૨૭ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૬.૦૨.૨૦૨૪ | લુણી | ચંદનબાઈ ચીમનલાલ દંડ | લુણી | ૮૩ |
| ૧૮.૦૨.૨૦૨૪ | થાણા | ભાણજી રતનશી ડાઘા | વરાડીયા | ૮૧ |
| ૧૮.૦૨.૨૦૨૪ | ડોંબીવલી | રમેશ ખીંયશી મુનવર (જીવાણી) | જખૌ | ૭૩ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૯.૦૨.૨૦૨૪ | ભાંડુપ | મધુરીબેન હિરાચંદ ધરમશી | રાણપર | ૮૮ |
| ૨૦.૦૨.૨૦૨૪ | મોટી ખાવડી | પરેશ પાસુભાઈ લોડાયા | મોટી ખાવડી | ૬૧ |
| ૨૩.૦૨.૨૦૨૪ | મુલુંડ | જયાબેન આણંદજી મોતા | કોઠારા | ૭૫ |
| ૨૪.૦૨.૨૦૨૪ | ઘાટકોપર | નવિન શામજી સાયલા | તેરા | ૬૩ |
| ૨૫.૦૨.૨૦૨૪ | ભાંડુપ | પ્રેમજી કલ્યાણજી લોડાયા | રાપર | ૮૨ |
| ૨૫.૦૨.૨૦૨૪ | મુલુંડ | જયાબાઈ નરશી ધરમશી | નલિયા | ૮૮ |
| ૨૬.૦૨.૨૦૨૪ | શેવગાંવ | ચંદનબાઈ રજનીકાંત છેડા | નલિયા | ૭૦ |
| ૨૬.૦૨.૨૦૨૪ | યુ.કે. | ધીરજલાલ લધુભાઈ લોડાયા | મોટી ખાવડી | ૭૩ |
| ૨૬.૦૨.૨૦૨૪ | યુ.કે. | માલતીબેન ત્રીભુવન ખોના | મોટી ખાવડી | ૮૬ |
| ૨૭.૦૨.૨૦૨૪ | હૈદ્રાબાદ | ભાવનાબેન વિનોદ ધરમશી | સુથરી | ૭૬ |
| ૨૮.૦૨.૨૦૨૪ | નલિયા | દમયંતીબેન પ્રતાપચંદ લુઠીયા | રવા | ૬૨ |
| ૨૯.૦૨.૨૦૨૪ | ઘાટકોપર | સરલાબાઈ ધનજી દંડ | સુથરી | ૮૩ |

## નવા/બદલાયેલા સરનામા/ફોન – (પુરૂં નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

**Shri Rishi Gulab Shah (Maisheri) (PS-7240)**
A-2903, Oberoi Eternia, Gate No 1,
Near MGL Gas Station, L.B.S Road,
Mulund (West), MH - 400 080.
M. : 79722 95950, 98336 09098.

**Shri Navinchandra Jethabhai Lalka (PS-4846)**
E-303, Ratnadeep Tower,
Near Arjun Tower, C.P. Nagar, Ghatlodia,
Ahmedabad, GJ - 380 061.
M. : 93777 42421.

**Shri Pankaj Punshi Malde (PS-1326)**
804, Ace Avenue,
Junction of S.L. Road & Valji Ladha Road,
Near Shishukunj Hall,
Mulund (West), MH - 400 080.
M. : 98200 75015.

**Shri Hanskumar Dhanji Gosar (PS-1393)**
C4/602, Lok Everest, Opp. City of Joy,
Jata Shankar Dosa Road,
Mulund (West), MH - 400 080.
M.: 80802 15171.

**Shri Laxmichand Umarshi Maisheri (PS-1485)**
203, Ace Florence, B.P. Cross Road 4,
Near Devidayal Garden,
Mulund (West), MH - 400 080.
M. : 93211 41139.

**Smt Gunvanti Mahendra Mota (PS-2683)**
C-703, Victoria CHS LTD, Casa Rio,
Palava City, Near Gate No. 2,
Kalyan Shilphata Road,
Dombivali (East), MH - 421 204.
M.: 80804 37494.

**Shri Uttamchand Dayalal Dagha (PS-3598)**
902, HS Ozone, Bldg. No. 34,Sahyadri CHS,
Shival Nagar, Gaurishankar Wadi, Pant Nagar,
Ghatkopar (East), MH - 400 075.
M.: 98334 89117 / 98335 54066.

**Shri Deepak Chandulal Dand (PS-3654)**
1207, Aura The Pacific, 12th Floor,
Off Manpada Road, Star Colony,
Gandhinagar, Near Zayka Hotel,
Dombivli (East), MH - 421 201.
M.: 98194 1924.

**Shri Manish Lakhamshi Lodaya (PS-5803)**
Galaxy Magnum Opus, Flat 17D, 17th Floor,
Kannur Road, Kozikode, KL - 673 001.
M.: 98951 95657.

આપના રહેઠાણના સરનામામાં ફેરફાર અંગેની નોંધ હવેથી **kdoaddress@gmail.com** ઉપર મોકલવા વિનંતી છે.

# નિવૃત્તિ માટેનો યોગ્ય સમય કયો ??

કેટલું જીવ્યા એના કરતા કેવું જીવ્યા એ વધુ મહત્વનું છે... પણ આજે લોકો પાસે મરવાની ફૂરસત નથી તો જીવશે ક્યારે.? ઉપરથી એવો વિચાર કરે છે કે નિવૃત્તિ પછી જીવશું, પણ એ નથી ખબર કે નિવૃત્તિ ક્યારે લેશું ? નિવૃત્તિ લેવાનો યોગ્ય સમય કયો? સરકારી નક્કી કરેલી વયમર્યાદા કે તમારી ૭ પેઢી ખાઈ શકે એટલું કમાવી લેશો ત્યારે ..?

એમ તો કોઈ ઉમર એ નિવૃત્તિની સીમા નથી. નિવૃત્તિ એ ફક્ત વ્યવસાયની મથામણની હોય કે અણગમતા સબંધોથી હોય કે તમે નિભાવી રહેલા હોદ્દાની જવાબદારીની હોય, એ તમને નક્કી કરવાનું છે

આપણે નિવૃત્તિ લેતા પહેલા વ્યવસાય ક્ષેત્રમાં આપણા વારસદારોને તૈયાર કરીએ છીએ તેજ રીતે સાંસારિક જીવનમાં ખટાસ પડી ગયેલા અમુક સબંધો ફરી સુધારી મજબૂત બનાવીએ છીએ તેમજ તમે જે સંસ્થામાં કાર્યરત કે સક્રિય હો તે સંસ્થામાં આવનારી પેઢીને તમારી આવડતનો અનુભવ સાથે યોગ્ય માર્ગદર્શન આપી તેમને સતા સંભાળવાની જવાબદારી શીખવી શકીયે અને આપણે સમય ઉપર સતાનો મોહ પણ છોડી શકીયે તોજ આપણી નિવૃત્તિ સાર્થક કહેવાય..

હજી ઘણા એવું પણ વિચારે છે કે આ નિવૃત્તિ શબ્દ મારા શબ્દકોષમાં છે જ નહિ હું કોઈ પણ ક્ષેત્રના નિવૃત્તિ લેવાનો જ નથી, પણ સમયની સાથે તમે આર્થિક કે શારીરિક કેટલા સક્ષમ હશો એ પણ વિચારીને નિવૃત્તિ એવા સમયે લેવી જોઈએ કે લોકો તમને કહે કે આને હવે નિવૃત્તિ લઇ લેવી જોઈએ, એના કરતા આમણે નિવૃત્તિ લેવાની ક્યાંય જરૂર હતી. એમણે કેમ વહેલી નિવૃત્તિ લઇ લીધી એ જ તમારા માટેનું માન લોકોમાં કાયમ જળવાઈ રહે એ જ નિવૃત્તિ યોગ્ય ગણાય.

---

# બે પેઢી વચ્ચે વિચારોના અંતરનો તાલમેલ

સંકુચિત મગજ અને જુનવાણી વિચાર સાથે લોકો પોતાને સાચા જ છે એવું સમજે છે અને પોતે જેવું વિચારે છે તેવો જ સામેવાળો હશે તે સમજવા લાગે છે, પરંતુ દરેક વ્યિક્તના વિચાર અલગ હોય અને સમયની સાથે પેઢી બદલતા આ વિચારો પણ આધુનિક થતા હોય છે. એટલે જૂની ઢબે ચાલતા કાર્ય અને તેમના જ વિચારો એ યુવાઓ ઉપર થોપવા કરતા એના વિચારને પણ સમજવાની જરૂર છે.

આજનો યુવાનને ભલે સમય નથી, પરંતુ એમના વિચારો એમના કાર્ય કરવાની પધ્દતિ અલગ જ રહેવાના છે, જે અંગે જુનવાણી પેઢીને તેમનાથી સહમત થતા વાર લાગશે એ પણ સ્વભાવિક છે. આવા સમયમાં વડીલોનો અનુભવ અને યુવાઓના આધુનિક વિચારોની સાથે ટેક્નોલોજીનું સમન્વય કરી બે પેઢી વચ્ચેનું વધી રહેલો અંતર ઓછું કરી અને બન્નેના વિચારોના તાલમેલથી સમાજને આગળ લઇ જશું તો એક સ્વસ્થ અને સ્વચ્છ સમાજનો વિકાસ કરી શકાશે અને આપણું ભાવિ આપણા જ યુવાનોના હાથમાં રહેશે.

સમય નથી એ વાત બધાને લાગુ પડે છે, પણ સમય તો બધા પાસે એટલો જ છે. ખરેખર જરૂર છે યુવાઓમાં છૂપી આવડત બહાર લાવવા માટે વડીલોના માર્ગદર્શન હેઠળ એક શિસ્તબદ્ધ આયોજનની.

આવો બધા સાથે મળીને બન્ને પેઢી વચ્ચેની વિચારોની ખૂટતી કડી જોડવાનો પ્રયત્ન કરીએ અને એક મજબૂત સુંદર ભવિષ્યનું નિર્માણ કરવા આપણે સૌ સંકલ્પ કરીએ.

**- એડ. કેતન મધુકાંત લોડાયા - કોઠારા - ગાંધીધામ (૯૮૭૯૫૨૨૬૪૨)**

---

**મુક્તક**

આપણું હોવાપણું સાચુ નથી,
હું હવેથી આ ક્ષણેથી હું નથી,
રાત, ખામોશી, ઉદાસી, વેદના,
શબ્દ છે, કાગળ કલમ છે, શું નથી ?

**- દિપક ચંદે**

**મુક્તક**

ઉપર ઉપર તરતા રહેશો, કદી ન મળશે મોતી,
મનના તળિયે ડુબકી મારો, સુંદર મળશે મોતી,
શોધી શોધી દરિયો આખો, હાથમાં આવે રેતી,
હૃદયછીપને ખોલી નાખો, સુંદર મળશે મોતી.

**- પ્રફુલ જોષી**

BEING JAIN

# Bhagwan Mallinath
## The Woman At The Highest Spiritual Summit

**- Shilpa Ajani** (B.com, DG, FGA (Lon), FFIG)



The International Women's Day celebrates womanhood, the world over. Our Shwetambar sect does this through the powerful tale of our 19th Tirthankar Bhagwan Mallinath . This inspirational story proves that even moksh can be attained by a woman if she endeavours earnestly and endlessly.

Princess Malli, born to King Kumbha and Queen Prabhavati in the city of Mithila, embarked on a journey of transformation that unfolded against the backdrop of her exceptional beauty and deep wisdom. As the story unfolds, six friends of Malli's previous life are reborn as rulers of prominent neighbouring kingdoms.

An artist from Hastinapur, possessing a unique skill, creates a lifelike portrait of Malli based on a glimpse of her toe. This masterpiece sparks a series of events, including a marriage proposal from the King of Hastinapur. Simultaneously, proposals from neighbouring kings lead to tensions and the threat of invasion, compelling King Kumbha to defend his city valiantly.

Amidst the turmoil, Princess Malli reflects on her past life as King Mahabal and realises the root cause of the conflict – the deep affection of six kings carried over from their previous lives. With a sense of responsibility, she devises a strategic plan to address the situation. Malli convinces her father to allow her to resolve the conflict, leading to the creation of a hall with six unnoticeable rooms, each holding a beautifully furnished space.

Cleverly, Princess Malli gets a lifelike statue of herself made, hollowed inside and placed in the centre of the hall. The kings are invited to meet her, and as they gaze through screens into their respective rooms, they believe they are in the presence of Princess Malli. Least do they know that the statue conceals a foul odour emanating from rotted food within.

Princess Malli enters the hall through a secret tunnel, revealing the truth that the statue with the decaying food represents her own physical existence. Her profound question challenges the kings' attachment to fleeting physical beauty and prompts them to contemplate the impermanence of the body. Malli's wisdom leads the kings to a realisation of their shared past and the pursuit of a more enduring spiritual path.

Princess Malli undergoes a renunciation ceremony, shedding her worldly possessions and embracing self-initiation at Sahasramravan. In a remarkably short time, she sheds all destructive karmas and attains Kevalgnan, emerging as the 19th Tirthankar in the Jain religion. Malli, now enlightened, embarks on a journey to guide others towards liberation, culminating in her ultimate attainment of liberation on Mount Sametshikhar.

This tale intricately weaves themes of reincarnation, wisdom, and spiritual awakening, illustrating how Princess Malli's journey goes beyond the boundaries of time and mortal existence. Princess, Malli's unique blend of wisdom, spirituality, and empowerment makes her life a compelling tale in the glory of womanhood for the following reasons:


Princess Malli takes control of a challenging situation, using her intelligence and strategic thinking to resolve conflicts. Her intelligent mediation and decision-making portray a strong and capable female character.

*continue...pg 24*

Over View

## KDO POPULATION CHALLENGES CHENNAI CENSUS- TOUGH RtOAD AHEAD

**Tilakchand K. Lodaya,** Chennai.
(Former Chief Commissioner of IncomeTax) Mob.: 99406 36646



If you want a challengeless human Society, than your members will be lifeless akin to you looking for a faultless friend and will remain friendless.

One of the challenges KDO Community is facing at present is its fast dwindling population.

To identify patterns, trends and insights within the KDO population and draw conclusions, I have decided to analyse the Census of KDOs residing in Chennai. I know that the size of the sample is small and not fully representative one, still it can give us a reasonable macro view of the community from this micro data. ગાગરમાંથી સાગરમાં.

ANALYSIS OF CHENNAI CENSUS FIGURES.

1. In Chennai as on date 14 KDO families are residing. Students and single employees from other towns and working in Chennai are not considered. No data.

2. Total population : 49.

3. Gender: Ladies 28 and Gents 21.

4. Own residence: 10 families have one or more homes/flats.

5. Literacy: 100%. Most of them are graduates.

6. Two widows are staying alone. One in a rented house. One owns a flat.

7. One lady is a Dentist. Two ladies are having a flourishing Makeover Studio and render outdoor Services. One is a teacher. One lady prepares juices from home and sells. One lady is a baking Chef. Operates from home. One lady takes religious classes.

8. 5 families are engaged in business and investments. One is in diamonds and Jewellery. One is in Gifting articles. One is in consultation and manufacturing. 6 are in service.

9. Agewise analysis.

| Years | | | |
|---|---|---|---|
| 0 to 5 | 1 | 6 /10 | 1 |
| 11/15 | 0 | 16/20 | 3 |
| 21/25 | 4 | 26/30 | 5 |
| 31/35 | 2 | 36/40 | 1 |
| 41/45 | 2 | 46/50 | 5 |
| 51/55 | 5 | 56/60 | 8 |
| 61/65 | 3 | 66/70 | 1 |
| 71-75 | 7 | 76- 80 | 1 |

Analysis.

Population

Below 10 ys 4.08%

Above 56 ys 40.8%

Above 60 ys 24.48%

10. Couples with one child 5, two children- Nil.

11. Two unmarried ladies 50 & Above.

12. 3 PWD (Parents With Daughters only) have already married their daughters.

13. 4 boys and 1 girl in the marriagable age. Getting KDO brides is challenging in Chennai.

14. One divorced Sr. gentleman.

15. 5 Inter-caste married couples.

16. 9 families have one or more cars. 3 have two wheelers. Two senior ladies don't need it.

CONCLUSIONS: On the basis of the above data following important conclusions emerge, which, more or less, tally with the demographic features of the entire KDO Community.

1. Aging population above 55is 40.8 %. and above 60 is 24. 8%. Children between 1 to 15 are only (4.08%).

2. With the average life expectancy of about 72 years, the death rate is very very high. Against One birth there are 5 to 8 deaths on an average.

2. There is very high negative growth rate of population. In last two months in the entire community there were 8 births and 70 deaths.

3. By and large the KDOs in Chennai are economically well off.

4. 5 couples have only one child in the reproductive age. This speaks volumes about the steady but drastic decline in the KDO

Population. To replace the same population number, we need the birth rate of 2.1 children per woman. In Chennai it is just I child. Gradual but rapid extinction. The entire community's per woman child ratio could at best be between 1.3 to 1.4 only.

5. There are no adopted children.

6. About 25% of Community people have either no interest in the community affairs or are indifferent in this regard. This attitude is prevailing all over the community. Bigger the cities with more KDO population, bigger is the ratio of indifference or no interest.

This challenge is spreading like an epidemic and it appears either we have no solutions or have no interest in preserving the community. We have resigned to fate and have become silent spectators except discussing on a coffee table and forgetting it.

Task is Herculean. It is a marathon.

लेकीन डर के आगे जीत है।

KDO Community is a Kohinoor,
It's members bold and Bahadur,
Before vanishing in to oblivion,
Will wake up and find a solution.

6. Forge new relationships in new contexts. Networking is net net beneficial.

7. Your team is your greatest asset. Narrative woven should be by entire team.

8. Assemble a team of the industry's finest minds at the right moments.

9. Environmental and ethical consciousness is no longer a trend but has emerged as the need of the hour.

10. The recipe for success lies in hard work and how determined you are to achieve your goals. It is not just chasing glamour.

11. Regulations can be a hurdle but also a facilitator. One should study and avail all the benefits Governments and banks offer.

12. Traditional minds can also be an asset along with modernity.

To conclude Startups continue to Challenge the Challenges and evolve to make life bigger, better and brighter.

***

Being Jain continue pg. 22

Malli's leadership demonstrates her ability to navigate complex situations. She not only safeguards her city but also inspires a collective spiritual awakening among the kings. This fact challenges stereotypes and highlights the empowerment of women in roles of leadership and influence.

Malli's renunciation, pursuit of self-initiation, and eventual attainment of enlightenment showcase a woman rising above worldly attachments for a higher purpose. This spiritual dimension challenges traditional gender roles.

The story delivers a timeless message about the impermanence of physical beauty and the pursuit of lasting spiritual fulfilment. Malli's profound question about attachment to the decaying body resonates with themes of inner strength, resilience, and the pursuit of a meaningful life—attributes for which a woman is often times celebrated. ***


|| શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ નમઃ ||

કૃણાલ : ૭૨૨૧૦ ૭૨૧૦૭

ગાય અને ભેંસનું શુધ્ધ ઘી

સ્વાદ લિજ્જતદાર – સુગંધ ખુશ્બુદાર
એક વાર ખાશો તો માંગશો વારંવાર

વિરમગામનાં પ્રખ્યાત જૈન દુગ્ધાલયનું
શુધ્ધ ઘી હવે મળશે મુંબઈમાં
તમારા ઘર આંગણે



એક કિલો
પાંચ કિલો અને
પંદર કિલોમાં ઉપલબ્ધ

ફ્રી
હોમ ડિલીવરી



હોલસેલ અને
રિટેલમાં ઉપલબ્ધ

Life Power

# Sign Language

**Alpa Dharamshi** (Multilingual Counsellor) - **M.: 9945365319**
Pehechaan - A Mission To Help Identify Yourself.



The lady was very very beautiful looking and had long hair almost touching her knees. I couldn't resist myself , but my eyes immediately saw her beautiful black and silky hair. She looked very disturbed. She entered our Counselling room almost 10 months back at one of the government hospitals where I volunteer at the department of Oncology.

She had come with her husband. Both were sweating profusely. I made them comfortable. They mentioned that the oncologist had sent them to me for counselling. I told them that they are free to share whatever is bothering them. I assured them of complete confidentiality.

After a few minutes, the husband opened up. He said madam can you understand sign language? I said yes. His expressions changed completely. There was a great relief in his face as well as his beloved. He mentioned that his better half was deaf and mute. He said it's been over a month and we are running from pillar to post. No one in this hospital understands what my wife has to share. She has mixed emotions and confusions going on in her mind. He also mentioned about her diagnosis and the treatment suggested. He wanted me to speak to her. I readily agreed.

Immediately I started conversation with her in sign language. In few moments there was change in her expressions. She opened up and after a while she had a huge relief. The husband was very very happy and relieved. He was very thankful that there is some one who understands her completely, her thoughts and her feelings. Every time I see a doctor, I need to translate to her and vice versa. I am so thankful she could open up before you and very much relieved.

There were good and bad days as well. But every time she came to the hospital, she ensured to come and see me before she started her treatment for the day. I was sad to see that her beautiful long and silky hair was lost in the process of treatment. But she was coping well.

Things took a bad turn for her. Slowly for the last two months her health deteriorated and she was under palliative care. She was unable to move around and the disease had taken a toll on her health. Her husband regularly updated me about her health. Now whenever she is in hospital, I make it a point to go and see her and also talk to her. There is hardly anyone who can communicate with her at the hospital. So I make sure I spend quality time with her and make her feel comfortable. She would speak her heart out with her actions and signs.

Last week her husband called me to inform that her eyesight too has been damaged due to the disease. The family is finding it very hard to communicate with her. I feel very sad for her and her family. As a counsellor I can only understand and empathize with her and her family. I can only hear them out. Because of her poor vision, she was unable to see me over the video call. God give her the strength to overcome her pain is what I was praying.

Her husband called me to inform about her demise. She passed away peacefully in sleep. Her husband said I am feeling so helpless. I couldn't communicate with her towards the end. She mentioned that she wanted to live more and get her children married. I just heard him out. He spoke for more than 40 minutes and poured his heart out. She has and will have a special place in my memories for life.

***

# THE BARGAINING (MIS)ADVENTURES

"Bhaiya hamesha apke pass se hi toh kharidte hai", is one of the tricks my mom uses for bargaining. I think all Moms possess magical bargaining powers that they crack deals with vendors at unimaginable prices. I was amazed when Mom used these tricks and bought an item whose price was Rs.2000 at a mere Rs.500.

I also thought I could bargain as I have seen my mom since childhood so some tricks are just rooted deep in my soul. So I thought I would also try to bargain and went to city's most hustling market(one can imagine the crowd and rush, after I came back I felt like I won a war with people and vehicles to finally get out of the market) to buy some stuff which my mom was going to buy but I took up the opportunity because I wanted to showcase my exceptional bargaining powers. I went to buy earrings for my sister with full confidence and Uncle quoted a price of 250/- I find it difficult to find whether the quality and price are balanced to proceed further with the deal so instead of much brain strain I just rounded off the amount to 200 and asked Uncle to pack it. But he brought it to 230. I told him that I bought earlier from him at 200 only though I was seeing him from 1st time and assured him that if he charged a fair price then would buy from him the next time which was rarely going to happen(it felt like my mom was speaking) and he might have understood this therefore he stood at 230. Then I thought to use the Brahmastra of all bargainers- Give it at 200 or else I am going and took 2 steps ahead with the hope that as shopkeepers call my Mom back this Uncle will also say take it at 200. 1 2 3 4 5 6 …….20 seconds passed and I was walking in slow motion to just turn around and win this task. But destiny had planned it other ways( to make my failure sound good) and to my dismay, Uncle didn't call back to sell at 200. I was astonished, surprised, and angry. Still hoping he would call back to sell at 200 but he was busy with other customers and I lost this bargaining battle, with a heavy heart but hoped to regain my power I went further because he was not the only one selling earrings. There were 5-6 shops and I explored it further. It is difficult to admit but, I bought earrings from another shopkeeper at 250, he didn't give a discount of even 1 rupee and being hurt after the "leaving the shop" trick failed I agreed and bought immediately without much haggling. What if I couldn't complete the task of even buying the stuff? I was ashamed after this failure in bargaining and have decided that now I am not going to buy anything without my Mom or buy at the quoted price. But who thought that bargaining tricks would backfire and lead to misadventures? When I complained to Mom about her tricks not working- she said a bad workman always blames his tools.

But now I will try again because it would lead me to a good bargain or if it goes another way I would end up with another (mis)adventurous story.


**Urvi Devbala Pramendra Dharamshi**-Nagpur( Kothara)
urvishah3104@gmail.com





**Note to Advertisers**

Please send billing Name, Address and Contact Person Name & Mobile No for Advt. with matter.

After made payment of the Advt. send the payment transaction slip or pay slip with your name & contact No. For Accounting Process.


એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : જયેશ દામજી નથુભાઈ દંડ – મંજલ રેલડીયા (મુલુંડ)

# અભિનંદન અભિનંદન અભિનંદન



મોટી સિંધોડી ખાતે
નવનિર્મિત
શ્રી નેમિનાથ જિનાલયની
પ્રતિષ્ઠા તથા પરિપૂર્ણતા પ્રસંગે
શ્રી મોટી સિંધોડી કદઓ મહાજન – ટ્રસ્ટના
પ્રમુખ શ્રીમતી હર્ષા ઉદયન શાહ
તથા ટ્રસ્ટીગણ એવમ્ કમિટી મેમ્બર્સને
હાર્દિક અભિનંદન

## શ્રી મોટી સિંધોડી કદઓ મહાજન – ટ્રસ્ટ

**પ્રમુખ : શ્રીમતી હર્ષા ઉદયન શાહ**



| | | |
|---|---|---|
| મેનેજીંગ ટ્રસ્ટી | : | તિલકભાઈ પ્રેમજી શાહ |
| ચેરમેન-કન્વીનર | : | મુકેશભાઈ ભવાનજી લોડાયા |
| ટ્રસ્ટી-ટ્રેઝરર | : | ચીમનભાઈ લધુભાઈ લોડાયા |
| ટ્રસ્ટી | : | દિનેશભાઈ રતનશી મૈશેરી |
| ટ્રસ્ટી-ઓન. સેક્રેટરી | : | હરિશભાઈ પ્રવિણચંદ્ર મોમાયા |
| વા. પ્રેસિડેન્ટ | : | ભરતભાઈ ભવાનજી લોડાયા |
| ઓન. સેક્રેટરી | : | લહેરચંદભાઈ નરશી મૈશેરી |

**: કમિટી મેમ્બર્સ :**

| | |
|---|---|
| હેમાંગભાઈ લાલજી શાહ | પિયુષભાઈ ચીમનભાઈ લોડાયા |
| ખુશાલભાઈ વેલજી મૈશેરી | વીણાબેન રાજેશ મોતા |
| કિરણભાઈ લાલજી પટેલ | મેહુલભાઈ આણંદજી મૈશેરી |
| જ્યોત્સનાબેન લહેરચંદ મૈશેરી | ગૌતમભાઈ મુલચંદ મૈશેરી |

## આશિર્વાદ અને શુભેચ્છા

માતુશ્રી લાખબાઈ નરપાર મેઘરાજ લોડાયા પરિવાર - મોટી સિંધોડી (મુંબઈ-રાયપુર)
માતુશ્રી ગુણવંતી જયચંદ માણેકજી લોડાયા પરિવાર - કોઠારા (મુંબઈ)
શ્રી રતિલાલ પદમશી નાગડા પરિવાર - નલિયા (મુંબઈ)
મીરાં હેમાંગ શાહ, અપુર્વ લાલજી શાહ, એકતા ઉદયન શાહ, ડિમ્પલ શાંતિલાલ વધાણ

CDO Prakash Samiksha R.N.I. No. MAHBIL/2020/79181 Date of Publication : 5th & 20th of every month
Postal Reg. No. MCN / 322 / 2024-2026 WPP Licence No. MR/Tech/WPP-352/North/2024-26
Posting : 8 / 9 & 23 / 24 of every month Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001

# શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન - ટ્રસ્ટ - મોટી સિંધોડી

મુંબઈ કાર્યાલય : C/o. તિલક પ્રેમજી શાહ, શોપ નં. ૭/૮, દોસ્તી એસ્ટર, દોસ્તી એકર્સ,
એસ. એમ. રોડ, વડાલા (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૩૭. ફોન : ૦૯૯૩૦૯ ૮૨૦૬૧



## સિંધોડી-રત્ન

### શ્રી મુકેશભાઈ ભવાનજીભાઈ લોડાયા
### મોટી સિંધોડી - ડોંબીવલી

શરણું તમારું નેમિનાથ કેરું,
છો સિંધોડીની આન-બાન અને શાન;
સિંધોડી-રત્ન બિરૂદથી નવાજતાં,
સિંધોડીવાસીઓ કરે તમારું સન્માન.

આપશ્રીના વિચાર, વાણી અને વ્યવહાર દ્વારા દાદાને ગમે તેવું આપનું જીવન પુષ્પ બનાવ્યું છે. સેવા, સહકાર, સમજદારી અને સત્કાર્યોથી આપનો જીવનબાગ મહેંકી રહ્યો છે ત્યારે...

શ્રી મોટી સિંધોડી સંઘના માનદ્ મંત્રી, સફળ સુકાની, ચહિતા ચેરમેનશ્રી, કાર્યદક્ષ ટ્રસ્ટીશ્રી તથા સન ૨૦૦૬ તેમજ સન ૨૦૨૪ ના પ્રતિષ્ઠા મહોત્સવના કાર્યસમ્રાટ કન્વીરનરશ્રી સુધીની જાહેરજીવનની આ સફળ યાત્રામાં સહભાગી આપના સહધર્મચારિણી અ. સૌ. નીતાબેન, ગુણીયલ પુત્ર-પુત્રવધુ ચિ. ચિંતન અને અ.સૌ. કીંજલ તથા ઓજસના અજવાળા પાથરતી દિકરી પૂજાના નામને રેખાંકિત કરતાં ધન્યતા અનુભવીએ છીએ.

આવી ઉજ્જવલ સામાજિક કારકિર્દીની સહર્ષ નોંધ લેતા આપશ્રીને પ્રથમ ‘‘**સિંધોડી-રત્ન**’’ એવોર્ડથી વિભૂષિત કરતાં ગૌરવાન્વિત થયા છીએ.

આપના સુકૃતનું કમલ સદા ખીલતું રહે અને સમાજ સેવાનું ગૌરવ સદા ઝળહળતું રહે એવી ખોબલે ખોબલે શુભેચ્છાઓ સહ...

**લિ. શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન - ટ્રસ્ટ - મોટી સિંધોડી પરિવારના**

**જય નેમિનાથ !**

| If undelivered, please return to : | To, |
| --- | --- |
| **C.D.O. PRAKASH SAMIKSHA**<br>A/704, Remi Bizcourt, Shah Indl. Estate,<br>Off Veera Desai Road,<br>Andheri (W), Mumbai - 400 053. | |

Printed and Published by **HIRACHAND DAMJI DAND** on behalf of **SHRI C.D.O. PRAKASH SAMIKSHA SAMITI,** Printed at THE NEW MILLENIUM PRINTERS, 14-A, GROUND FLOOR, SITARAM MILL, PATRA SHED, SITARAM MILL COMPOUND, JACOB CIRCLE, LOWER PAREL, MUMBAI 400 013 and Published from SHRI C.D.O. PRAKASH SAMIKSHA SAMITI, A/704, REMI BIZCOURT, PLOT NO. 9, SHAH INDL. ESTATE, OFF VEERA DESAI ROAD, ANDHERI (WEST), MUMBAI 400 053. Editor: **HIRACHAND DAMJI DAND**